॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

ડિસેમ્બર ૨૦૧૫

રૂા. ૫/૦૦

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ



## દિવાળીના દિવસે હજારો દિવડાઓ દ્વારા સુશોભિત ભુજ મંદિર



સંવત્ ૨૦૭૨ના નવ વર્ષારંભે
અન્નકૂટ દર્શનની આરતી કરતા મહંત સ્વામી, ભુજ



દિવાળીના દિવસે યુવતીની મંડળની બહેનો દ્વારા બનાવેલ
રંગોળીનું નિરીક્ષણ કરતા મહંત સ્વામી, આદિ સંતો-ભુજ






ભુજ મંદિરમાં ધામધૂમથી તુલસી વિવાહ ઉજવાયો.



























(૧-૨) R.S.S.ના વડા મા. મોહન ભાગવતજી શ્રી નરનારાયણદેવના દર્શને પધાર્યા ત્યારે સંતોના આશીર્વાદ સ્વીકારી રહ્યા છે, ભુજ. (૩-૪) દિવાળીના દિવસે ચોપડા પૂજનનો લાભ લેતા વેપારી ભક્તો-ભુજ. (૫-૬) ભુજ મંદિરના ઠાકોરજી માટે અન્નકૂટ-ઉત્સવની સેવા કરતા સંતો-ભક્તો-ભુજ. (૭) આઈરોલી ત્રિદિવસીય સત્સંગ સભા-થાણા, મુંબઈ (૮) ચારકોપ-ગોરેગાવ સત્સંગ સભા-મુંબઈ. (૯), ભુજ મંદિર દ્વારા શ્રી સ્વામિનારાયણ કન્યા વિદ્યા મંદિરને લકઝરી બશ અર્પણ કરતા સંતો. (૧૦) શ્રી સ્વામિનારાયણ કન્યા વિદ્યા મંદિરની વિદ્યાર્થિનીઓ અન્ડર ૧૭, અન્ડર ૧૯ એથ્લેટિકસમાં રાજ્યકક્ષાએ ધમાકેદાર જીત-મિરઝાપર, ભુજ. (૧૧-૧૨) ૬૧મા પાટોત્સવ દિને શ્રી ક.સ. સ્વામિનારાયણ મંદિરના મૂર્તિઓ લંગાટા કચ્છપ્રાંતમાં નૂતન મંદિરે ધામધૂમથી પાટ ઉપર પધરાવવામાં આવ્યા-નાઈરોબી.

।। શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ।।

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

यावज्जीवं च शुश्रूषा कार्या मातुः पितुर्गुरोः । रोगार्तस्य मनुष्यस्य यथाशक्ति च मामकैः ।।

ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને સત્સંગનો મહિમા ફેલાવતું સામયિક




## લેખકોને ખાસ વિનંતી

- **આ સામયિકમાં પ્રકાશિત થતા લખાણની જવાબદારી લેખકની છે.**
- **લેખો ફુલસ્કેપ સાઈઝના કાગળ ઉપર હાંસિયો રાખીને સુવાચ્ય અક્ષરમાં કાગળની એકબાજુ લખી મોકલવા.**
- **લેખ એક ફુલસ્કેપ પાનાથી વધુ લાંબો ન હોય તે જોવા વિનંતી.**
- **કૃતિનું લખાણ મુદ્દાસર અને ભાષાકીય ક્ષતિ રહિત હોવું જોઈએ.**
- **ગુજરાતી, સંસ્કૃત, હિન્દી તથા અંગ્રેજી ભાષામાં યોગ્ય લેખો સ્વીકારવામાં આવશે.**
- **કૃતિના સ્વીકાર-અસ્વીકારની સત્તા તંત્રીઓની છે. કૃતિ અનુકૂળતાએ પ્રગટ થશે.**
- **સમાચાર તા. ૨૦ સુધીમાં લખી મોકલવા.**

---

**દેશમાં**
આજીવન સભ્ય રૂા. ૫૦૧/-
વાર્ષિક સભ્ય રૂા. ૫૧/-

**વિદેશમાં**
આજીવન સભ્ય રૂા. ૬૦૦૧/-
વાર્ષિક સભ્ય રૂા. ૧૦૦૧/-

- **અંક દર માસે નિયત સમયે પ્રસિધ્ધ થશે.**
- **પત્ર વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર અચૂક લખવો.**


પૂર્વ સામયિક ‘શ્રી સ્વામિનારાયણ સંદેશ’
કુલ્લ વર્ષ ૨૧ કુલ્લ અંક ૨૧૨

હાલે ‘શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ’
વર્ષ - ૧૫ અંક - ૧૧ - ડિસેમ્બર– ૨૦૧૫
સળંગ અંક - ૩૫૮

પ.પૂ.ધ.ધૂ ૧૦૦૮ આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી
મહારાજના શુભાશીર્વાદથી

**:: સંસ્થાપક ::**
અ.નિ.સ.ગુ.પુ. મહંત સ્વામી શ્રી હરિસ્વરૂપદાસજી

**:: માલિક ::**
શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ-કચ્છ.

**:: પ્રકાશક અને મુદ્રક ::**
સ.ગુ.મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ
શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ,
ભુજ-કચ્છ વતી શ્રી નરનારાયણદેવ પ્રિન્ટીંગ
પ્રેસમાં છપાવી ભુજ-કચ્છથી પ્રસિધ્ધ કર્યું.

**:: તંત્રી ::**
શાસ્ત્રી સ્વામી ગોવિંદપ્રસાદદાસજી

**:: સહતંત્રી ::**
શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રિયદાસજી
સ્વામી પુરુષોત્તમપ્રિયદાસજી



**: પત્રવ્યવહાર અને લવાજમ સ્વીકારવાનું સ્થળ :**

**શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ કાર્યાલય**
શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ,
ભુજ-કચ્છ. પીન : ૩૭૦ ૦૦૧.
ફોન : (૦૨૮૩૨) ૨૫૦૪૩૧ ટેલીફેક્સ (૦૨૮૩૨) ૨૫૦૧૩૧
**E-mail :** sandesh@bhujmandir.org • info@bhujmandir.org
**website :** www.bhujmandir.org

# તંત્રીની કલમે

ઋષિ પરંપરાએ ભારતને દર્શન (તત્ત્વ ચિંતન) સાથે નિત્ય નવું જ્ઞાન પ્રદાન કરી, શીલવાન, સંસ્કારી, શાલીન અને સભ્ય સમાજનું નિર્માણ કરવા માટેનું દિશાદર્શન કરાવેલ છે. તપસ્વી ગુરુ દ્વારા પ્રસ્થાપિત થયેલી ઋષિ પરંપરાએ વિશ્વને અનેક વિભૂતિઓ આપી છે તેથી જ શીલ અને સંસ્કારની બાબતમાં ભારત વિશ્વમાં આગવું સ્થાન ધરાવે છે.

અંગ્રેજીમાં એક પ્રસિધ્ધ વાત છે કે, 'When wealth is lost nothing is lost, when health is lost something is lost but when character is lost everything is lost.' અંગ્રેજી ભાષા આંતરરાષ્ટ્રીય કહેવાય છે અને આ ભાષામાં પણ ચારિત્ર્ય (શીલ-character)ને પ્રાધાન્ય અપાયું છે તેમજ માનવજાત માટે સૌથી મૂલ્યવાન જણાવી સંસ્કારોની બાબતમાં સર્વોચ્ચ સ્થાન અપાયું છે.

વિશ્વ આખું માને છે કે સંતાન શીલવાન હોવાં જોઈએ. પરંતુ નિરાશાજનક દુઃખદ હકીકત એ છે કે યુવાનોનું ચારિત્ર્ય શિથિલ થતું જાય છે. તેનું મુખ્ય કારણ મલ્ટી મીડીયા અને પાશ્ચાત્ય સંસ્કૃતિની સારી બાબતોને અપનાવવાને બદલે તેની વિકૃતિઓ તરફ આજનો યુવાવર્ગ વિશેષ આકર્ષિત થતો જાય છે. સમાજે અને વાલીઓએ આ બાબતની ગંભીરતા સમજી સંતાનોને યોગ્ય શીખ આપી પતનના માર્ગે જતા અટકાવવા જોઈએ તેને બદલે આવનારા નુકસાનકારક ગંભીર પરિણામો તરફ આંખ આડા કાન કરે છે.

ધર્મ એ સમાજનું અભિન્ન અંગ છે, ધર્મથી સમાજ અને સમાજથી ધર્મ અલગ થઈ શકે નહીં. તેથી જ ધર્મ દ્વારા પ્રસ્થાપિત થયેલી પરંપરાઓ અને રીતરિવાજોમાં લોકોનું હિત સમાયેલું હોય છે. યુવાધનને યોગ્ય પથદર્શન પૂરું પાડી વિકૃતિના વિષચક્ર સમાન વમળમાં ફસાઈ ન જાય તે માટે આપણું ભુજ મંદિર શ્રીસહજાનંદ સ્વામીએ શિક્ષપત્રીમાં આપેલ આજ્ઞાઓને કેન્દ્રમાં રાખી યુવાઓ માટે અવિરત પ્રયત્ન કરે છે.

તાજેતરમાં કચ્છશ્રી નરનારાયણદેવ યુવક મંડળની શિબિરનું આયોજન મીરજાપર (ભુજ) મધ્યે કરવામાં આવ્યું હતું. આપણા યુવાનો ભારતીય પરંપરાને સમજે, તે મુજબનું તેમનું ઘડતર થાય, યુવાનોમાં સાંપ્રદાયિક સિધ્ધાંતો અનુસાર સંસ્કારોનું સિંચન થાય, વારસાગત સંસ્કારોનું સંવર્ધન થાય અને તેમાં દૃઢતા આવે, યુવકો આધ્યાત્મિક જ્ઞાન સાથે શીલવાન-ચારિત્ર્યવાન બને, યુવકોમાં વાક્ચાતુર્યની વૃધ્ધિ સાથે બૌધ્ધિક વિકાસ થાય તેમજ એક નિર્વ્યસની સભ્ય સમાજની રચના થાય તેવા ઉમદા આશય સાથે આવા શિબિરોમાં યુવકોને ધાર્મિક અને જીવન સાફલ્યની બાબતોથી અવગત કરવામાં આવે છે. આવા ઉત્તમ સંકલ્પોને પાર પાડવા વડીલ સંતોના પ્રેરકબળના આધારે યુવક મંડળના સંતો કઠોર પરિશ્રમ સાથે જે પુરુષાર્થ કરે છે તે જોઈને આવા સૌ સંતોને વંદન કરવાની ઈચ્છા થાય છે.

માત્ર યુવક મંડળ જ નહીં પરંતુ આ વર્ષે યુવતી મંડળની શિબિરનું આયોજન પણ કરવામાં આવ્યુ હતું. મહિલાઓમાં ધાર્મિક ભાવના વિશેષ હોય છે. અને તેમાં સંસ્કારોની સુગંધ ભળે તો આખો સમાજ સુગંધિત થઈ જાય ! ભારતીય સંસ્કૃતિ અને હિન્દુ ધર્મની પરંપરાઓમાં સ્ત્રીનું સ્થાન સદાય ઊંચું રહ્યું છે. સ્ત્રી સમાજની આધારશીલા છે. માતા પોતાના સંતાનોમાં જેવી સુટેવો પાડે, જેવા સુસંસ્કારોનું સિંચન કરે તેવો ભાવિ સુંદર સમાજ બને છે. તેથી જ યુવતીઓને સુશિક્ષિત અને સુસંસ્કારી બનાવી જીવનને ઉર્ધ્વગામી બનાવવાની આવી પ્રવૃત્તિઓમાં આપનાં સંતાનો જોડાય એવા પ્રયત્નો કરવા જોઈએ.

જય શ્રી સ્વામિનારાયણ !

# વેદથી વચનામૃત શાસ્ત્રાવતરણનું પ્રયોજન



છાન્દોગ્ય ઉપનિષદની બ્રહ્મવિદ્યાઓ અને વચનામૃત

લેખાંક-૪૯

લેખક : ડો. સ્વામી સત્યપ્રસાદદાસજી



### અગિયારમો ખંડ

ત્યારે રાજાએ ઉષસ્તિ ઋષિને કહ્યું - "હે ઋષિવર ! હું આપનો પરિચય જાણવા ઈચ્છું છું"

**ઋષિએ કહ્યું** -'હું ચક્રઋષિનો પુત્ર ઉષસ્તિ છું.'

**રાજાએ કહ્યું** - હું આપની કીર્તિથી પરિચિત છું (અર્થાત્ આપના વિષે જાણું છું) હું યજ્ઞના પ્રારંભથી પહેલાં આપને ખૂબ જ શોધ્યા હતા પરન્તુ આપ ન મળ્યા ત્યારે બીજાઓનું યજ્ઞમાં વરણ કર્યું છે. હવે દયા કરીને આપ જ આ યજ્ઞને સંપૂર્ણ કરો.

ઋષિ વિદ્યાસંપન્ન હોવા છતાં ભૂખથી પીડાયેલા હોવાથી ઋષિએ કહ્યું સારું. જેટલા ઋત્વિજોને યજ્ઞમાં વરણ કર્યા છે અને એમને જેટલું ધન આપવાના છો એ બધું ધન મને એકલાને આપો.

યજમાન રાજાએ કહ્યું. - બહું સારું.

યજમાન રાજા અને ઉષસ્તિઋષિનો સંવાદ પૂરો થયા પછી યજ્ઞમાં વરાયેલા પ્રસ્તોતા, ઉદ્‌ગાતા તથા ઋત્વિજ ત્રણે ક્રમશઃ જીજ્ઞાસુ થઈને વિનય પૂર્વક ઉષસ્તિ ઋષિ પાસે જઈને પૂછવા લાગ્યા આપે કહ્યું હતું કે - "જે દેવતાની સ્તુતિ કરો છે તેને જાણતા નથી તો તમારું મસ્તક કપાઈ જશે" તો દયા કરીને આપ જ કહો કે તે દેવતા કોણ છે ?

(૧) સર્વ પ્રથમ પ્રસ્તોતા શિષ્યભાવે પાસે આવીને ઋષિને પૂછ્યું હે ભગવાન્ ! આપે મને કહ્યું હતું કે જે દેવતા પ્રસ્તાવમાં અનુગત છે તેને જાણ્યા વિના પ્રસ્તાવ કરીશ તો મસ્તક પડી જશે. તો હે ભગવન્ ! આપ મને કહો કે તે દેવતા કોણ છે ?

તેના જવાબમાં ઋષિ કહે છે - 'प्राण इति' તે દેવતા 'પ્રાણ' છે.

આ પ્રાણ છે તે અંતર્યામી બ્રહ્મના યોગથી સર્વના જીવનરૂપ છે. પ્રાણના અન્તરાત્મા પરબ્રહ્મ છે, એવું બીજી એક શ્રુતિમાં કહ્યું છે તે "स उ प्राणस्य प्राणः" પરમાત્મા પ્રાણના પ્રાણ છે. તેથી તે પ્રાણાન્તર્યામી બ્રહ્મથી પ્રાણિઓ ઉત્પન્ન થાય છે, ઉત્પન્ન થયેલા જીવે છે અને લય પામે છે. કારણ કે "યજ્ઞમાં સ્તુતિ કરાયેલા દેવતા કોણ છે ? એવો ઉષસ્તિ ઋષિનો પ્રશ્ન છે અને તેનો ઉત્તર પણ પોતે જ આપ્યો છે કે તે દેવતા 'પ્રાણ' છે" પરન્તુ ઉત્પત્તિ, સ્થિતિ અને લયને કરનારા પ્રાણ ન હોઈ શકે પરન્તુ પ્રાણાન્તર્યામી બ્રહ્મ જ છે એવો અનેક શ્રુતિઓનો મત છે તેથી પ્રાણ શબ્દથી પ્રાણાન્તર્યામી બ્રહ્મ એવું રહસ્યાર્થ છે કારણ કે શ્રુતિમાં કહ્યું કે ઉત્પત્તિ, સ્થિતિ અને લય 'બ્રહ્મ' થીજ થાય છે. "यतो वा इमानि भूतानि जायन्ते येन जातानि जीवन्ति यत्प्रयन्त्यभिसंविशन्तीती" જેનાથી આ પ્રત્યક્ષ દેખાતા પ્રાણીઓ ઉત્પન્ન થાય છે, ઉત્પન્ન થયેલા જીવે છે અને લય

પામે છે, તે બ્રહ્મ જ છે. તે જ દેવતા આ યજ્ઞમાં ઉપાસ્ય છે તેથી તે બ્રહ્મરૂપ દેવતાને જાણ્યા વિના યજ્ઞ કરશો તો તમારું મસ્તક પડી જશે તેથી યજ્ઞમાં ઉપાસ્ય દેવતાને ઓળખીને યજ્ઞ કરવો જોઈએ એવો ઉષસ્તિ ઋષિએ ઉપદેશ આપ્યો છે.

ત્યાર પછી ઉદ્‌ગાતા શિષ્યભાવે પાસે આવીને ઋષિને પૂછ્યું હે ભગવન્ ! આપે મને કહ્યું હતું કે - જે દેવતા ઉદ્‌ગાનમાં અનુગત છે તેને જાણ્યા વિના ઉદ્‌ગાન કરીશ તો મસ્તક પડી જશે. તો હે ભગવન્ ! આપ મને કહો કે તે દેવતા કોણ છે ?

તેના જવાબમાં ઋષિ કહે છે - ''आदित्य इति'' તે દેવતા 'આદિત્ય - સૂર્ય' છે.

સૂર્યાન્તર્યામી બ્રહ્મ જ આ સૃષ્ટિનું સૂર્ય દ્વારા સ્થૂલ સૃષ્ટિનું સર્વોચ્ચ પ્રકાશ કરાવે છે તેથી આદિત્ય અને આદિત્યાન્તર્યામી બ્રહ્મને જાણ્યા વિના કર્મ કરશો તો મસ્તક પડી જશે.

ત્યાર પછી પ્રતિહર્તા શિષ્યભાવે પાસે આવીને ઋષિને પૂછ્યું હે ભગવન્ ! આપે મને કહ્યું હતું કે જે દેવતા પ્રતિહારમાં અનુગત છે તેને જાણ્યા વિના પ્રતિહરણ કરીશ તો મસ્તક પડી જશે. તો હે ભગવન્ ! આપ મને કહો કે તે દેવતા કોણ છે ?

તેના જવાબમાં ઋષિ કહે છે - ''अन्नम् इति'' તે દેવતા 'અન્ન' છે.

અન્ન એટલે ઘઉં-ચોખા નહિ પરન્તુ અન્નમય કોશ. અન્ન દેવ એટલે બ્રહ્મ જે અન્ન દ્વારા સમગ્ર જીવપ્રાણી માત્રને જીવન આપે છે. તેથી અન્ન અને અન્નમય દેવતારૂપ જે બ્રહ્મ તેને જાણ્યા વિના પ્રતિહરણ કરીશ તો મસ્તક પડી જશે.

કથા રહસ્યાંશ - પ્રાણ બ્રહ્માત્મક શબ્દ છે. (બ્રહ્મસૂત્ર ૧-૧૧૨૩) આદિત્ય જ્ઞાનવાચક શબ્દ છે અને અન્ન શક્તિવાચક શબ્દ છે. બ્રહ્મ, જ્ઞાન અને શક્તિ આખરે તો આ ત્રણે પરબ્રહ્મ પરમાત્માનાં જુદી જુદી ભૂમિકા પરનાં નામ છે. તેથી યજ્ઞાદિ સર્વે ક્રિયામાં તે તે દેવતા અન્તર્યામી બ્રહ્મને જાણ્યા વિના કરશો તો તેનું કાંઈ ફળ નહિ મળે અને ક્રિયા વ્યર્થ બની રહેશે.

## બારમો ખંડ
## શ્વાનના રૂપમાં ઋષિનો ઉપદેશ

## ઉષસ્તિ ( આખ્યાયિકા -કથા )

'अथातः शौव उद्गीथस्तद्ध बको दाल्भ्यो ग्लावो वा मैत्रेयः स्वाध्यायमुद्वव्राज ।'

એકવાર દલ્ભ્ય ઋષિનો પુત્ર 'દાલભ્ય' 'બક' અથવા 'ગ્લાવ' આવા બીજા નામથી પણ પ્રસિદ્ધ અર્થાત્ બે નામથી પ્રસિદ્ધ ઋષિ સ્વાધ્યાય માટે ગામથી દૂર કોઈ એક નિર્જન વનમાં જઈને ધ્યાન કરવા લાગ્યા. 'तस्मै श्वा श्वेतः प्रादुर्बभूव' તે સમયે એક દિવ્ય અને અલૌકિક શ્વેત કૂતરો (શ્વાનના રૂપમાં કોઈ ઋષિ) પ્રગટ થયો. ત્યાર પછી બીજા કેટલાક કૂતરાઓ પ્રગટ થયા અને શ્વેત કૂતરાને કહેવા લાગ્યા કે અમે બહુ ભૂખ્યા છીએ ઉદ્‌ગીથ (ૐકાર)નું ગાયન કરીને અમારા માટે અન્નની વ્યવસ્થા કરો. ત્યારે શ્વેત કુતરો બોલ્યો સારું આવતીકાલે સવારે તમો બધા અહીજ આવજો હું અન્નની વ્યવસ્થા કરી રાખીશ. ધ્યાનસ્થ બક ઋષિએ આ સંવાદ સાંભળ્યો અને જીજ્ઞાસાવશ થઈને બીજે દિવસે સવારે તે ઋષિ પણ ત્યાં હાજર થયા. ત્યાં ઋષિએ જોયું કે જેવી રીતે યજ્ઞકર્મમાં ઉદ્‌ગાતાઓ (યજ્ઞકરાવનારા) બહિષ્પવમાન સામવેદના સ્તોત્રનો પાઠ કરતાં પહેલાં એકબીજા સાથે મળીને ચાલે છે અને પછી એક સ્થાન પર આવીને બેસીને સ્તુતિ કરે છે એવી જ રીતે આ બધા (ઋષિરૂપ) કૂતરાઓ પરસ્પર મળીને ચાલવા લાગ્યા અને એક જગ્યાએ બેસી ૐકાર યુક્ત 'હા ઈ ઉ' આદિ ૧૩ પ્રકારનાં શબ્દો જેમાં પ્રયોગ કરવામાં આવે છે તે સ્તોભનું ચારે દિશાઓમાં મુખ રાખીને ગાયન કરવા લાગ્યા. તે શ્રુતિ આ પ્રમાણે છે - ''ओं ३ मदा ३ मों ३ पिबा ३ देवो वरुणः प्रजापतिः सविता ३ अन्नमिहा २ हरदन्नपते २ अन्नमिहाहरा २ हरो ३ मिति ।'' ૐ અમને ભોજન આપો. ૐ અમને જળ આપો. વરુણ દેવ, પ્રજાપતિ, સવિતા અમને ભોજન આપો, અન્ન આપો. આવી રીતે ૐકારનું સમગ્ર સામ ગાયનથી દેવતાઓ પાસેથી અન્ન અને જળની પ્રાપ્તિ માટે પ્રાર્થના કરવામાં આવે છે. તેરમા ખંડમાં 'હા ઈ ઉ' આ સ્તોભા ૧૩ શબ્દોમાં એક એક શબ્દનું રહસ્ય બતાવવામાં આવ્યું છે. આ ૧૩ શબ્દોના રહસ્યને જાણી લે છે તે આ સંસારમાં સંપૂર્ણ ભોગોને પ્રાપ્ત કરી લે છે.

**આ સાથે પ્રથમ અધ્યાય પૂર્ણ થાય છે.**

# આગામી માસની કથાઓ

| તારીખ | ગામ | યજમાશ્રીઓ |
|---|---|---|
| ૧-૧૨-૧૫ | વેકરા | પંચાહ્ન પારાયણ દિવસ પાંચની |
| ૨-૧૨-૧૫ | માંડવી | પંચાહ્ન પારાયણ દિવસ પાંચની, આચાર્ય મહારાજ પધારશે |
| ૩-૧૨-૧૫ | નારણપર | પંચાહ્ન પારાયણ દિવસ પાંચની |
| ૮-૧૨-૧૫ | પિયાવા-માંડવી | પંચાહ્ન પારાયણ દિવસ પાંચની |
| ૮-૧૨-૧૫ | ચંદ્રનગર ખોખરા | શ્રીસ્વામિનારાયણ મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે કથા પારાયણ દિવસ ત્રણની |
| ૧૩-૧૨-૧૫ | પલાંસવા | નૂતન મંદિર અને પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે કથા પારાયણ દિવસ ત્રણની, આચાર્ય મહારાજશ્રી પધારશે |
| ૧૩-૧૨-૧૫ | કોડકી | પંચાહ્ન પારાયણ દિવસ પાંચની |
| ૧૩-૧૨-૧૫ | ભચાઉ | શ્રીસ્વામિનારાયણ મંદિરના વાર્ષિક પાટોત્સવ નિમિત્તે કથા પારાયણ |
| ૧૬-૧૨-૧૫ | બળદીયા ઉ.વાસ | પંચાહ્ન પારાયણ દિવસ પાંચની |
| ૨૦-૧૨-૧૫ | ભુજ | ભુજ બંને મંદિરમાં શ્રીમદ્ ભાગવત કથા પારાયણ |
| ૨૦-૧૨-૧૫ | નાગલપર વાડી વિસ્તાર | પંચાહ્ન પારાયણ દિવસ પાંચની |
| ૨૧-૧૨-૧૫ | માનકુવા | પંચાહ્ન પારાયણ દિવસ પાંચની |
| ૨૩-૧૨-૧૫ | નારણપર ની.વાસ | નૂતન મંદિરના ઉદ્‌ઘાટન પ્રસંગે કથા પારાયણ દિવસ સાતની |
| ૨૬-૧૨-૧૫ | સુખપર | પંચાહ્ન પારાયણ દિવસ પાંચની |
| ૨૮-૧૨-૧૫ | બળદીયા ની.વાસ | પંચાહ્ન પારાયણ દિવસ પાંચની |
| ૨૯-૧૨-૧૫ | મિરજાપર | પંચાહ્ન પારાયણ દિવસ પાંચની |
| ૩૦-૧૨-૧૫ | રામપર જુનાવાસ | પંચાહ્ન પારાયણ દિવસ પાંચની |

શ્રીકચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિરનો સુવર્ણ જયંતી મહોત્સવ તા. ૨૫-૧૨-૧૫ થી તા. ૧-૧-૨૦૧૬ સુધી ધામધૂમથી ઉજવાશે. અમદાવાદથી પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તથા ભુજથી મહંત સ્વામી આદિ સંતો પધારશે. આપ સૌને દિવ્ય મહોત્સવમાં પધારવા હાર્દિક આમંત્રણ પાઠવીએ છીએ.

પ્રમુખશ્રી કેન્ટન હેરો મંદિર

# હવે અમારું ઘર તો આપના ચરણો જ છે !!

અહેવાલ :- રસિકભાઈ રા. ગોળવિયા, સુરત વેળાવદરવાળા

ભગવાન શ્રીસ્વામિનારાયણ સ્વામી ભાઈ રામદાસજીનો અમદાવાદ વિસ્તારમાં રઘુનાથદાસ ઉપાધી કરે છે તેથી આપ જરૂર તાકીદે અમદાવાદ પધારો. આવો પત્ર આવતા તે મતલબથી જેતપુરથી ફરતા ફરતા અમદાવાદ પધારેલ. અને પછી પાછા ગઢપુર પધાર્યા ત્યાં રામનવમી સાથે પોતાનો જન્મદિવસ ગઢપુરના બંને દરબારો એભલબાપુ અને જીવાખાચરના આગ્રહથી ત્યાં ઉજવ્યો. પછી તરત જ ભુજનગરથી બુધ્ધિશાળી અને તે પ્રદેશમાં માન અને મોટાઈવાળા રાજ્યના કારભારી સત્સંગી સુંદરજીભાઈનો રઘુનાથદાસજી ઉપાધી કરે છે તે બાબતનો પત્ર આવ્યો તેથી મોટેરા સંતો સાથે વાતચીત કરી. મહારાજ ૧૦ જેટલા મોટેરા સંતો ૧૦ થી ૧ ર કાઠી દરબારો અને પાર્ષદો સાથે લઈને ભુજ જવા નીકળે છે. એ જમાનામાં સૌરાષ્ટ્રમાંથી ભુજ જવું કે મુંબઈ જવું તે પરદેશ જવા જેટલું દોહ્યલું ગણાતું. ખાસ ભુજ જતા રણ વચ્ચે આવે તેમાં લૂંટારુ લૂંટી લેતા. રસ્તો પણ વિકટ હતો. અથવા તો નાવ મારફતે જોડીયા અને માંડવી બંદરેથી ખાડી ઓળંગીને ભુજ થઈ શકાતુ કષ્ટદાયક અને મુશ્કેલીવાળું હતું. તે જમાનામાં ફોન કે સમાચાર માધ્યમ નહીં તેથી ત્યાં સંબંધી પહોંચે તેના સમાચાર મળે નહીં. અને ઘર પાછળવાળા ઠોકરાઓ બૈરાઓ સગાવાલા વિરહના લીધે રડ્યા કરતા. કારણ ગયેલા વ્યક્તિ ક્યારે આવે ત્યાં શું ક્યારે પહોંચશે વગેરે ચિંતા રહેતી ક્યારે પરત આવશે વગેરે.

સૌ કાઠી દરબારો અને સંતો સાથે ભુજનગરજન પ્રથમ શ્રીહરિએ ખંભાળા મોકાખાચરને ત્યાં રોકાણ એક રાત્રી કર્યું ત્યારે દરેક કાઠી દરબારોને મહારાજે કહ્યું હે શૂરવીર કાઠી દરબારો જો તમોને ઘેર જવાની ઈચ્છા થતી હોય કે બાઈઓ છોકરા ઘર સાંભળતા હોય તો તેમણે અહીંથી ઘેર પાછા જતા રહેવું હજુ દૂર નથી ગયા. અમો કોઈને અમારી સાથે આવવા બળજબરી કરતા નથી. કે કહેતા નથી. જેના દિલમાં ઘણો જ ભાવ હોય તે જ ભુજ નગર જવા અમારી સાથે ચાલો. અમારી સાથે આવવાથી જેને પાછળ ઘરના માણસો વિરહને લીધે રડતા ન હોય તેવાઓએ જ અમારી સાથે આવવું અને એમ ન હોય તેમણે વહેલાસર અહીંથી જ પાછું વળી જવું. સહુઓ પોત પોતાનો પાયો નક્કી કરીને અમારી સાથે ચાલવું. આવી બાબતમાં કોઈએ કોઈ જાતની શરમ રાખવી નહીં. અને શરમથી બોલશો નહીં તો પાછળથી દુ:ખ થાય. આમ હરિચરિત્રામૃત સાગર ગ્રંથમાં આધારાનંદ સ્વામીએ વાત ટાંકી છે. અને બીજા પણ એક ગ્રંથમાં છે. ફરી માંડવી પહોંચ્યા ત્યાં પણ વાત કરી હતી કે હે દરબારો હજુ ઘર સાંભળતા હોય તો હજુ પાછા વળી જશો.

પણ આ કાઠીઓ જેવા તેવા ન હતા. પાકા સાધકો હતા. સામર્થીને મહારાજ દાબી રાખી હતી. જેમાં માચાખાચર, સોમલોખાચર, સુરાખાચર, વેલોખાચર, માતરોધાધતિ, નાનખાચર, અમરાપરગીર, રાઠોડધાધલ, અલૌયોખાચર વગેરે હતા. જેઓને મહારાજ મળ્યા પછી દરબાર છોડીને મહારાજ સાથે જ રહેતા. પોતાની સંપત્તિ સંતો અને મહારાજને અર્થે જ વાપરતા અને સંતોનું જતન અને રક્ષણ કરતા. આવા મુમુક્ષુ દરબારોએ કહ્યું મહારાજ હવે આપની સાથે અમો ભુજ નગર જ આવીશું. હવે અમારું ઘર તો આપના ચરણોમાં જ છે. તે આપના ચરણોનું જતન રક્ષણ સેવન કરવું એવું મનમાં દૃઢ નિશ્ચય કરીને જ આપની સાથે આવ્યા છીએ અને રહ્યા છીએ. છતાં જો મનમાં ઘરની વાસનાનો અંકુર જો ઉગશે તો તરત જ ત્યાંથી પાછા વળીશું. અમો કાઠી આવી બાબતમાં શરમાઈએ નહીં જેવો સમય હોય તે પ્રમાણે કામ કરી લઈએ. આ સાંભળી મહારાજ બહુ જ રાજી થયા અને બોલ્યા હે કાઠીઓ તમારી સમજણ સારી છે. ખપ પણ એક સરખો છે. પછી મહારાજ દરબારો અને સંતો સાથે ખંભાળાથી ભુજ બાજુ જવા ચાલતા થયા.

# મોક્ષ સંજીવની - શિક્ષાપત્રી

અહેવાલ :- જંયતીભાઈ કે. સોની, અમદાવાદ

સર્વોપરી શ્રીસ્વામિનારાયણ ભગવાને તો પોતાનાં આશ્રિતજનોના આત્યંતિક કલ્યાણની લેખિતમાં ખાત્રી આપતું શાસ્ત્ર એટલે 'શિક્ષાપત્રી'ની જાતે રચનાં કરી. મોક્ષમાર્ગની સંજીવનીરૂપે સંપ્રદાયને બક્ષીસ કરી છે.

શ્રીસ્વામિનારાયણ ભગવાને પોતાનાં તેજ રૂપ અક્ષરધામને પંચાળાના ૭(સાતમાં) વચનામૃતમાં જેમ પોતાનું સ્વરૂપ કહ્યું છે તેમ પોતાની વાણીને પરમ આદરપૂર્વક પોતાનું સ્વરૂપ માનવાનું શિક્ષાપત્રી શ્લોક ૨૦૯માં જણાવેલ છે. અને કહ્યું છે કે, "આ જે મારી વાણી છે તે મારું સ્વરૂપ છે. અને સર્વે જે સચ્છાસ્ત્ર તેનો જે સાર છે" અને મનુષ્ય માત્રને મનવાંછિત ફળની દેનારી છે અને અમારા જે આશ્રિત સત્સંગી તેમણે આ શિક્ષાપત્રીનો નિત્ય પ્રત્યે પાઠ કરવો. (આખી શિક્ષાપત્રીનું વાંચન એટલે પાઠ કહેવાય) અને જેને ભણતા આવડતું ન હોય, તેમણે તો આદર થકી આ શિક્ષાપત્રીનું શ્રવણ કરવું, અને આ શિક્ષાપત્રીની પૂજા કરવી. શિ.શ્લોક ૨૦૭માં કહે છે જે અને જે બાઈ-ભાઈ આ શિક્ષાપત્રી પ્રમાણે નહિ વર્તે, તો તે અમારા સંપ્રદાય થકી બાહેર છે. એમ અમારા સંપ્રદાયવાળા સ્ત્રી-પુરુષ તેમણે જાણવું. ગઢડા અંત્યના ૧ વચનામૃતમાં પણ આ શિક્ષાપત્રીનો નિત્યે પાઠ કરવાની આજ્ઞા છે. જે દિવસે આ શિક્ષાપત્રીનો પાઠ ન થાય તે દિવસે ઉપવાસ કરવાની મહારાજની આજ્ઞા છે. માટે આપણે સૌએ નિત્ય પ્રત્યે શિક્ષાપત્રીનો પાઠ કરવાની ખેવના રાખવી નહિં તો ઉપવાસ કરવો પડે. શિક્ષાપત્રી નિત્યે વાંચીને તે પ્રમાણે વર્તવાથી આ લોક અને પરલોકમાં નિશ્ચેય પરમસુખની પ્રાપ્તિ થાય છે. ચારે પુરુષાર્થ એટલે કે ધર્મ, અર્થ, કામ અને મોક્ષની સિધ્ધી થાય છે. આ પ્રમાણે નહિ વર્તનાર તે સંપ્રદાયથી બાહેર છે એટલે કે તે સ્વામિનારાયણનો નથી.

દરેક મનુષ્યના જીવનમાં સુખ દુઃખના પ્રસંગો પોતાનાં પ્રારબ્ધના હિસાબે આવતા હોય છે. પરંતુ સ્વામિનારાયણના આશ્રિતોને સુખનું કારણ શિક્ષાપત્રીનાં નિયમોનું પાલન છે. અને દુઃખનું કારણ શિક્ષાપત્રીનાં નિયમોનો લોપ છે. માટે જ્યારે જ્યારે જીવનમાં દુઃખના પ્રસંગો ઊભા થાય ત્યારે વિચાર કરવો કે શિક્ષાપત્રીમાં ભગવાનની કઈ કઈ આજ્ઞાઓનો લોપ થયો છે. નાની કે મોટી દરેક આજ્ઞા શ્રીજી મહારાજની છે. શ્રીજી મહારાજે શ્રવાણાદિ નવ પ્રકારની ભક્તિ ધર્મ સહિત કરવાની આજ્ઞા કરેલ છે. શ્રીજી મહારાજનો આજ્ઞા રૂપ જે ધર્મ તેનો ત્યાગ કરીને ભક્તિ ન કરવી અર્થાત ધર્મમાં રહીને જ ભક્તિ કરવી.

શ્રીજી મહારાજે પોતાનાં આશ્રિતજનોનાં હિતાર્થે ધર્મની દઢતા થાય તે પહેલું નક્કી કર્યું છે. કારણ કે આ ઘોર કળિયુગમાં પોતપોતાના ધર્મમાં દઢપણે રહેવું અને અધર્મ થકી ભય પામીને દૂર રહેવું તેવી આજ્ઞા કરેલ છે. જે મનુષ્ય ભક્તિ કે જ્ઞાનના મહિમાનું અવલંબન કરીને બુધ્ધિપૂર્વક (જોણીજોઈને) ધર્મનો ત્યાગ કરે છે તેઓ જ્ઞાન તથા ભક્તિથી ભ્રષ્ટ થઈ નિશ્ચયે અધોગતિને પામે છે. માટે શિક્ષાપત્રીની આજ્ઞાનું પાલન એજ ધર્મ છે. ઘણા લોકો આળસ-પ્રમાદને લઈને શિક્ષાપત્રીની આજ્ઞાનો લોપ કરે છે. જેને લીધે પોતે કરેલી ભક્તિનું ફળ પ્રાપ્ત થતું નથી. માટે સર્વ સુખની ચાવી શિક્ષાપત્રી દરેક આજ્ઞાનું પાલન કરવું તે જ છે. દા.ત.

૧) સૂર્ય ઉગ્યાથી પ્રથમ જાગવું

૨) સત્સંગી પુરુષમાત્રને ચાંદલે સહિત ઉર્ધ્વપૂડું તિલક કરવું - ઘણાં મોટા હરિભક્તો વર્ષોથી મંદિરમાં આવતા હોવા છતાં આ આજ્ઞાનો લોપ કરતા જણાય છે.

૩) ગૃહસ્થાશ્રમી પુરુષ તેમણે પોતાના સમીપ સંબંધ વિનાની જે વિધવા સ્ત્રીઓ તેનો સ્પર્શ ન કરવો. - મોટા ભાગે આ આજ્ઞા સાવ ભૂલાઈ ગઈ એમ લાગે છે.

૪) મંદિરમાં સ્ત્રી-પુરુષોએ એકબીજાને અડવું નહિ. - આ આજ્ઞાને ખૂબ ગૌણપણે લેવાતી હોય તેમ જણાય છે. તો ભૂલ સુધારી વર્તન કરવું. વચનામૃતમાં શ્રીજી મહારાજે સ્વયં જણાવ્યું છે કે અમારા દર્શનનાં લોભને લઈને પણ અમારી ઉપરોક્ત આજ્ઞાનો લોપ હરગીજ કરવો નહિ.

૫) ગાળ્યા-ચળ્યા વિનાનું ખાવું-પીવું નહિ. બજારું ખાદ્ય પદાર્થ ગાળ્યા ચાળ્યા વિનાના હોવાથી ખવાય નહિ કે ભગવાનને ધરાવવા મંદિરમાં લાવાય નહિ.

૬) ગૃહસ્થાશ્રમી સત્સંગી તેમણે પોતાની વૃત્તિ અને ઉદ્યમ થકી જે પામ્યુ ધન-ધાન્ય તેનો દસમો ભાગ ભગવાનને મંદિરમાં આપવો. વ્યવહારે દુર્બળ હોય તેમણે વીસમો ભાગ આપવો.

૭) પોતાના માતા-પિતાની આજીવન પર્યંત સેવા કરવી. પુત્ર માતા-પિતા સિવાય દુનિયામાં અધિક કશું નથી. મંદિરમાં આગેવાન થઈને ફરવું અને ઘરમાં માતા-પિતાનો અનાદર કરવે તે મોટું પાપ છે. મહારાજે પોતે પાલન કરીને પછી શિક્ષાપત્રીમાં આજ્ઞા કરી છે. આ તો સર્વ સામાન્ય પ્રાથમિક નિયમોની વાત કરી છે. પણ શિક્ષાપત્રીની સર્વ આજ્ઞાનું ચુસ્તપણે પાલન કરવાથી જ મહારાજના ધામના અધિકારી બની શકાશે.

# આત્મજ્ઞાન કેમ થાય ?

એક સાધક હતા. તે કોઈ જ્ઞાની મહાત્માની પાસે ગયા અને વિનંતી કરીને કહ્યું, ''મહાત્માજી મને આત્મ સાક્ષાત્કાર કરાવો.'' મહાત્માએ તેને એક મંત્ર આપતાં કહ્યું, બરાબર એક વર્ષ પૂરું થયા બાદ નાહીને મારી પાસે આવજો. સાધકે મંત્ર ઉપાસના કરતાં કરતાં એક વર્ષ વિતાવ્યું. તે દરમ્યાન મહાત્માએ તેમના શિષ્યને બોલાવીને કહ્યું જ્યારે અહીં પેલો સાધક નાહી ધોઈને આવે ત્યારે તું એના પર કાદવ ફેંક જે. શિષ્યએ સાધકને આવતો જોતાં જ એના પર કાદવને કચરો ફેંક્યો. આથી સાધક ગુસ્સે થઈ તેને મારવા દોડ્યો. સાધક ફરીથી નાહીને મહાત્મા પાસે ગયો. મહાત્માજી બોલ્યા : ભાઈ, હજુ તારો સ્વભાવ બદલાયો નથીને સાપની જેમ જેને તેને ડંસવા દોડે છે. જા ફરી આખું વર્ષ મંત્રનો જપ કરીને પછી આવજે. સાધકને આ વાતનું દુઃખ થયું. ફરી તે મંત્રજાપ કરવા બેસી ગયો. બીજું વર્ષ પૂર્ણ થવા આવ્યું. ત્યારે ફરી પેલો સાધક ત્યાં આવે છે ત્યારે મહાત્માજી શિષ્યને કહે છે કે હવે તું એને પગમાં ઝાડું મારજે. શિષ્ય પેલો સાધક આવે છે ત્યારે એના પગ પર ઝાડુ મારે છે. ત્યારે સાધકે એને કઠોર શબ્દ કહ્યા અને બબડવા લાગ્યો. ફરી નાઈ ધોઈ મહાત્મા પાસે જાય છે. ત્યારે મહાત્મા બોલે છે, ભાઈ હવે તું કરડતો નથી પણ સાપની જેમ ફુંફાડા તો માર્યા કરે છે. એવી રીતે આત્મજ્ઞાન પ્રાપ્ત ન થાય. હજી એક વર્ષ તપ કરવા જા. ત્યારે સાધકને પોતાની ભૂલ સમજાઈ. ફરી તે ધ્યાનપૂર્વક મંત્રજાપ કરે છે. અને મહાત્મા પાસે આવે છે ત્યારે મહાત્મા શિષ્યને એના પર કચરાની ટોપલી એના ઉપર નાખવા કહે છે. સાધક જ્યારે આવે છે ત્યારે શિષ્ય તેના પર કચરાની ટોપલી ફેંકે છે પરંતુ આ વખતે સાધકનું મન શાંત અને પવિત્ર બની ગયું હતું. તે જરાય ગુસ્સે ન થયા. પણ શિષ્ય પ્રત્યે કૃતજ્ઞતા દાખવી. બે હાથ જોડી કહ્યું તમારો મારા પર ભારે ઉપકાર છે, મારા દુર્ગુણોનો નાશ કરવા માટે હું ત્રણ ત્રણ વર્ષથી પ્રત્ય

વાચકો ! આ આત્મજ્ઞાન એટલે આપણામાં રહેલા ગુણ, અવગુણ, દોષો વગેરે આપણને હંમેશા બીજાના દોષ, અવગુણ દેખાય છે પણ ખરેખર સાચું આત્મજ્ઞાન તો એ જ છે કે આપણે પોતે આપણામાં રહેલી અજ્ઞાનતા કે દોષો દૂર કરવા પ્રયત્ન કરવા જોઈએ તો જ આપણને સાચું આત્મજ્ઞાન પ્રાપ્ત થાય.

અહેવાલ :- ગોર કૃપા પ્રકાશભાઈ

## ભગવાનને ભૂલશો નહિ

ભાઈ ! સુખમાં કે દુઃખમાં,
ભગવાનને ભૂલશો નહિ...
લખ ચોરાશીના ફેરા પછી આ,
માનવદેહ દેનારને,
તું ભૂલતો નહિ ભગવાનને...
માનવદેહ ધર્યો છે, અવતારીને આરાધવા,
મોહ-માયામાં અટવાઈને,
તું ભૂલતો નહિ ભગવાનને...
ચોર્યાશીના ફેરા પછી, મોક્ષ મેળવવા તું,
ભાઈ ! ભજી લે ભગવાનને,
તું ભગવાનને ભૂલતો નહિ ...
'હું' પદના હુંકાર, બહુ કીધા,
હરિનામ તેં કદી ના લીધા,
માટે ભગવાનને ભૂલતો નહિ...
અહીંનું અહીં રહી જશે, તારું નાણું,
જાણીશ નહિ, ક્યારે આવે જવાનું ટાણું,
માટે ભગવાનને ભૂલતો નહિ...
કાવા-દાવા ખૂબ કર્યા, સંપત્તિ કાજે,
હવે આવી ઊભું છે, યમનું તેડું આજે,
માટે ભગવાનને ભૂલતો નહિ...

અહેવાલ :- પ્રો. મહાદેવભાઈ ધોરિયાણી, રાજકોટ

# વડા થયા વચનથી...

અહેવાલ :- અતુલ ભાનુપ્રસાદ પોથીવાલા, અમદાવાદ

સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામી ભક્તિચિંતામણીનાં ૮૯માં પ્રકરણમાં લખે છે :

શશી, સૂરજ, શેષ, સિંધું, સર્વે રહે અમારા વચનમાં,
વારિ, વસુધા, વહનિ, મરૂત ડરે વળી મનમાં,
ભવ, બ્રહ્મા, ભૂલે નહિ, ડરે વચનથી દિગપાળ,
સુરાસુર ઈન્દ્ર અંબા કંપે વચનથી કાળ.
તેહ સર્વે એમ જાણે જે વડા થયા વચનથી,
એવાં વચન આજનાં તમે જાણ્યા છે કે જાણ્યા નથી.

માટે,

આગન્યા વિના જે આવવું, તેમાં અમે રાજી નહિ રતી, વચન પ્રમાણે જે વર્તે તે ઉપરે પ્રસન્ન અતિ !

શ્રીહરિનાં વચન એ બહુ મોટી વાત છે. સૂર્ય, ચંદ્ર, શેષનાગ, સમુદ્ર, પૃથ્વી - એ સર્વે એમનાં વચનમાં રહે છે અને વર્તે છે. ભવ, બ્રહ્માદિક સુર, અસુર આ સર્વે શ્રીહરિનાં વચન ભૂલતાં નથી. વચનથી દિગપાલ ડરે છે અને કાળ પણ કંપે છે. સૃષ્ટિના આ સર્વે નિયામકો પરમાત્મા શ્રીહરિનાં વચન પ્રમાણે જ વર્તે છે અને એમ જાણે છે કે અમારું વડપણ, અમારી મોટાઈ એ પરમાત્મા શ્રી પુરુષોત્તમ નારાયણના વચન પાલન થકી જ છે.

શ્રી સ્વામિનારાયણ ભગવાને પ્રવર્તાવેલો આપણો આ સત્સંગ એ 'વચનશીલતા' અને 'વચનબધ્ધતા' એમ બન્ને રીતે ખૂબ ઉજળો છે. આ બંન્ને ને અરસપરસ અન્વયપણું છે. પરમાત્મા શ્રીહરિ સદાય વચનશીલ છે. એમની સાચી શરણાગતિ સ્વીકારીએ એટલે એમનું અભયવર પ્રાપ્ત થયું જ સમજો. પરંતુ એ ક્યારે કે જ્યારે એમનાં વચન પ્રમાણે વર્તીએ ત્યારે ! એટલે કે ડગલે ને પગલે એમનાં વચનેથી બંધાયેલા રહીએ વચનબધ્ધ બનીને રહીએ ત્યારે ! વચનો પાળવા જેટલો પુરુષ પ્રયત્ન તો કરવો જ રહ્યો. તો જ શ્રીહરિની વચનશીલતા ઉજાગર બનશે. વચનની ખૂબ કિંમત છે.

જેમ કે તરફડતો હોલો જ્યારે શીબી રાજાના શરણમાં આવ્યો ત્યારે શીબી રાજાએ પ્રાણનાં ભોગે પણ તેનું રક્ષણ કરવાનું વચન આપ્યું અને સમર્થના વચનથી હોલાને હવે કોઈ વાતનો ડર ન રહ્યો કે હિંસક બાજ પક્ષી હવે મારું બગાડી શકશે.

સર્વોપરી શ્રીજી મહારાજે કંડારેલા આ દિવ્ય સત્સંગમાં શિક્ષાપત્રીનાં ઉપદેશાત્મક બોધવચનો તથા વચનામૃતમાં આલેખેલાં વાર્તા-વચનો - આ બંન્ને એમનાં વાગ્મય સ્વરૂપ છે. એ વચન સ્વરૂપને અંતરમાં ધારીને એમની આજ્ઞામાં વર્તવું એમાં જ આપણું શ્રેય છે.

એમનાં સાચા આશ્રિતજન બની રહેવા માટે આપણે સૌએ વચનબદ્ધ થવાનું છે. એમણે કંડારેલી કેડીથી આઘા પાછા થવાનું નથી. સત્સંગનો માર્ગ છે શૂરાનો - અહીં કાયરની જેમ લબાડવેલા નહીં ચાલે - લલો પચો રાખવાનો નથી. શ્રીહરિએ તો બધું જ સ્પષ્ટ કરીને જ આપ્યું છે.

"આ અમે પધરાવેલા મૂર્તિઓ - જેમાં અમે અખંડ નિવાસ કરીને રહીએ છીએ. આ અમે સ્થાપેલાં સંપ્રદાયના બે પીઠ સ્થાનો અને આ અમે માન્ય કરેલા ધર્મવંશના આચાર્યશ્રીઓ અને આ અમારી આજ્ઞા પ્રમાણે વર્તતું સંતવૃંદ અને આટલાં અમારાં સત્‌શાસ્ત્રો."

બાકી શું રાખ્યું છે ? સ્પષ્ટ વાત કરી છે, પરંતુ ઠોઠ નિશાળિયાની જેમ જો ગળે જન ઉતારવું હોય તો શ્રીહરિએ સ્પષ્ટ જ કહ્યું છે કે,

"એવાં વચન જો જાણો અમારાં તો માળો સહુ સુજાણ,
એવું ન મનાય અંતરે તો કેમ માન્યું છે કલ્યાણ !"

સત્સંગી માત્રનાં જે માન-મોટપ છે તે વચનો પાળવા થકી જ છે. બ્રહ્માંડોના અધિપતિથી લઈને સૃષ્ટિનાં સર્વે નિયામકો પણ જ્યારે શ્રીહરિનાં વચન થકી જ ઉજળા છે અને વડા થયા વચનથી એમ જ સમજે છે ત્યારે આપણે તો એટલું જ સમજવું કે શ્રીહરિનાં વચન પાળવાં થકી જ વડા થવાય છે અને એમાં જ કલ્યાણ છે.

અંતમાં,

શશી સૂર અજ અમરેશ, શેષ મહેશ દેવ ગણેશ,
પૃથ્વી, પાથ પાવક, પવન દિગપાળ કાળ માયા ધન,
એહ આદિ જે બીજા અનેક જેની ન લોપે આગન્યા એક,
તેજ મૂર્તિ જાણીને જન, કરે સહજાનદનું ભજન.

# શ્રીસ્વામિનારાયણ ભજનથી અનાવરણ સ્થિતિ

અહેવાલ :- કંચન આર, માનકુવા

અમદાવાદમાં ડોસાભાઈ નામના મુસલમાન ભક્ત રહેતા હતા. જાતિએ કરીને તેઓ તાઈ હતા. એક વખત તેઓ ખેતર જઈને કામકાજ કરતા હતા. તે સમયે સ્વામિનારાયણ ભગવાન કાઠી ભક્તો સાથે ઘોડેસવાર થઈને અમદાવાદ આવતા હતા. તેથી ડોસાભાઈએ શ્રીહરિને જોયા અને તેમનું મન ખેંચાયું. એટલે વટેમાર્ગુ લોકોને પૂછ્યું, ''આ મહારાજા જેવા આભૂષણો પહેરીને કોણ જાય છે ?'' ત્યારે લોકોએ કહ્યું, ''એ તો સ્વયં સ્વામિનારાયણ ભગવાન છે.''

શ્રીસ્વામિનારાયણ નામ સાંભળતા જ તેમના હૃદયમાં તે નામ કંડારાઈ ગયું ! અને ઘાટ-સંકલ્પો વિરામ પામી ગયા. તેથી પોતે નક્કી કરી લીધું કે, ''એ ભગવાન જ છે, તે સિવાય મારા હૃદયમાં આટલી બધી શાંતિ થાય નહિ.'' પછી તો તેઓ સ્વામિનારાયણ નામનું સ્મરણ કરતાં કરતાં શહેરમાં આવ્યા અને લોકોને પૂછવા લાગ્યા, ''સ્વામિનારાયણ ભગવાન ક્યા ઉતર્યા છે ?'' ત્યારે કોઈકે મંદિર બતાવ્યું તુરંત મંદિરે આવ્યા. ત્યાં તો શ્રીજી મહારાજ ઊંચા સિંહાસને બેઠા હતા. ડોસાભાઈ તો મહિમા સહિત દર્શન કરવા લાગ્યા. તે સમયે શ્રીજી મહારાજે તેમની સામું જોયું, તેથી બન્નેની ચાર આંખો ભેગી થતાં ડોસાભાઈને સમાધિ થઈ ગઈ. સમાધિમાં તેઓએ અક્ષરધામ જોયું. બે કલાક પછી સમાધિ ઉતરી તેથી શ્રીહરિને સર્વોપરી ભગવાન જાણી વારંવાર દંડવત્ કરવા લાગ્યા. પછી વર્તમાન ધારીને કંઠી બંધાવી ઘેર ગયા અને દરરોજ કાળુપુર મંદિરમાં દર્શન કરવા આવે. ત્યાં કથા-વાર્તા સાંભળે અને પાકા ધર્મ નિયમો પાળતા થઈ ગયા.

આ બાજુ મુસ્લિમ નાતને ખબર પડી તેથી ડોસા ભક્તને બોલાવી સત્સંગ છોડી દેવા સમજાવ્યા પરંતુ માન્યા નહિ, એટલે ખૂબ માર્યા, તો પણ ભજન કરવું છોડ્યું નહિ. પછી સંબંધી લોકોએ ઘરમાં પૂરી દીધા અને ખાવા પીવાનું ન આપ્યું. આ રીતે ત્રણ દિવસ અંધાર ઘરમાં, ભૂખ્યા-તારસ્યા ડોસા ભક્તે 'સ્વામિનારાયણ...સ્વામિનારાયણ...' મહામંત્રનું ભજન કર્યું. આવી દૃઢતા જોઈને કરુણા સાગર શ્રીહરિએ દિવ્ય દર્શન દઈ, ડોસા ભક્તના શરીરે હાથ ફેરવ્યો. તુરંત ભૂખ-તરસનું દુઃખ જતુ રહ્યું અને શરીરને નિરાવરણ કરી દીધું. તેથી ડોસાભક્ત બહાર નીકળ્યા.

ઘરમાં એક પણ તિરાડ ન પડી અને ડોસાભક્ત બહાર નીકળી ગયા. તે જોઈને લોકો આશ્ચર્ય પામી ગયા. પરંતુ ક્રૂર સ્વભાવના યુવાનોએ ફરીને ડોસા ભક્તને પકડી અંધારી કોટડીમાં એક થાંભલા સાથે જકડીને બાંધી દીધા. પરંતુ 'રામ રાખે તેન કોણ ચાખે' આ કહેવત મુજબ દયાસિંધુ, શ્રીહરિની ઈચ્છાથી ડોસા ભક્ત આપ મેળે છૂટી ગયા અને ઠેઠ ધોળકા ગામ નીકળ્યા. ત્યાં તેમના સગાઓ જોઈ ગયા, એટલે તેઓએ પણ ઘરમાં પૂરી દીધા ત્યાં તો તુરંત ઘરની બહાર નીકળ્યા પછી તે અમદાવાદ મૂકી ગયા. આટલા બધા ચમત્કારો જોયા, છતાં પણ યવનોએ ડોસા ભક્તનો પીછો ન છોડ્યો. એક દિવસ ભક્તને પકડીને નિર્જન સ્થાનમાં લઈ ગયા. ત્યાં ઊંડો ખાડો ખોદીને કહ્યું, ''એય ડોસા ! સ્વામિનારાયણનો ધર્મ છોડી દે, નહિતર આ ખાડામાં દાટીને તને મારી નાંખીશું. બોલ શું વિચારે છે ?'' ''મરવું એ મારે મન આનંદ છે. કેમ કે મારું મૃત્યું થાય તો તુરંત મને અક્ષરધામ મળશે.''

આવું સાંભળી ક્રોધાયમાન થયેલા મુસલમાનોએ તુરંત ઊંડા ખાડામાં ડોસા ભક્તને નાખીને ઉપર માટી વાળી દીધી. પછી સહુ ઘેર આવ્યા ત્યાં તો ઓસારીમાં બેઠા બેઠા ડોસા ભક્ત 'સ્વામિનારાયણ...સ્વામિનારાયણ...' મહામંત્રનું સ્મરણ કરતા માળા ફેરવતા હતા. આ દૃશ્ય જોઈને તેઓ આભા જ બની ગયા. પછી માફી માંગી હેરાન કરવાનું છોડી દીધું.

આવો સ્વામિનારાયણ મહામંત્રનો મહિમા છે.

# તુલસી પવિત્ર છોડ

અહેવાલ :- પ્રીતિબેન કરશનભાઈ પોકાર, ભાલેજ

તુલસી એટલે બજારમાં મળતા ગુટકા નહીં હો ? તુલસી એટલે ભારત દેશમાં હિન્દુઓને મન ગાય, ગંગા અને તુલસી. આ ત્રણેયનું ખૂબજ મહત્ત્વ છે. એ તુલસી. તેમના માટે ત્રણેય પૂજ્ય તથા પવિત્ર છે. તુલસીએ ભારતીય જીવન અને સભ્યતાનું એક અભિન્ન અંગ છે. તેનો સંબંધ આપણા જીવન સાથે જ્યારથી ભારતીય સંસ્કૃતિનો પ્રારંભ થયો ત્યારથી છે. અને તે જન્મથી મરણ સુધી અટુતપણે જળવાઈ રહે છે. શ્રી સ્વામિનારાયણ ભગવાને તુલસીની કંઠી કંઠને વિષે ધારવી એવી આજ્ઞા કરેલી છે.

- તુલસીનું ધાર્મિક મહત્વ :-

હિંદુ તુલસીના છોડને અતિ પવિત્ર દેવી અને દિવ્ય અદ્વિતીય ઔષધિ માને છે. આપણી બહેનો નિત્ય પ્રાતઃકાળે તુલસીના છોડને પાણી રેડી તેનું ભાવ ભક્તિથી પૂજન કરે છે. તુલસીના કાષ્ટમાંથી બનાવેલી કંઠી આપણે ધારણ કરીએ છીએ તથા તેની જપમાળા અતિ પવિત્ર માનવામાં આવે છે. ભગવાને પણ તુલસી વિના ભોગ આપવામાં આવતો નથી. દેવદિવાળીના પર્વને તુલસી સાથે સાંકળી લેવામાં આવ્યું છે. આ પર્વમાં ભગવાન વિષ્ણુના વિવાહ તુલસી સાથે ધામધૂમથી ઉજવવામાં આવે છે. આપણે ત્યાં કહેવાયું છે કે,

- તુલસીનો છોડ ઉછેરનાર વ્યક્તિ મૃત્યુ પછી સ્વર્ગ પ્રાપ્ત કરે છે.

- તુલસીની પૂજા તમામ દેવદેવતાની પૂજા સમાન છે.

- જે ઘરમાં તુલસીનો છોડ હોય તે ઘર તીર્થ સમાન છે.

આમ તુલસીનું ધાર્મિક મહત્ત્વ આંકવા માટે શબ્દો ઓછા પડે એમ છે.

- તુલસીનું ઔષધિય મહત્ત્વ :-

તુલસીનો છોડ એક ચમત્કારિક તથા દિવ્ય વનસ્પતિ તરીકેનું મહત્ત્વ આયુર્વેદ વિજ્ઞાન તથા બીજા તબીબી વિજ્ઞાનીઓએ સ્વીકાર્યું છે.

તુલસી અસાધ્ય રોગોનો જળમૂળથી નાશ કરી શકે એટલી શક્તિશાળી છે. તુલસીના ગુણગાન તો આચાર્ય ચરક, સુશ્રુત, ભાવપ્રકાશ, ધનવંતરી, નિઘંટુ વગેરે કર્યો છે. તુલસીથી કફ, વાત, પિત, મેલેરીયા, હૃદયરોગ, બ્લડ પ્રેશર, કેન્સર, પથરી, સફેદ, કોઢ, આધાશીશી જેવા અનેક રોગોમાં રાહત આપે છે. સર્પદંશમાં પણ તુલસી જીવન આપે છે.

જો વિદ્યાર્થી દરરોજ સવારના આઠદસ પાનનું સેવન કરે તો તેની યાદશક્તિમાં ઘણો બધો ફરક પડે છે. જે રોગોમાં તબીબી વિજ્ઞાન ના પાડે છે. તે રોગોમાં તુલસી લાભદાયક છે.

આમ ગાગરમાં સાગર સમાન તુલસી ઐષધિય તથા ધાર્મિક ગુણવાળી હોવાથી તેનું મુલ્ય આંકિયે એટલું ઓછું છે. તુલસી કલિયુગમાં કલ્પ તરુ સમાન છે. તુલસીનું મહત્ત્વ હિંદુ પુરતુ નથી પણ અન્ય ધર્મોએ પણ સ્વીકાર્યું છે. તેમાં ઈઝરાયલ જાતિના લોકો ધાર્મિક કાર્યમાં ઉપયોગ કરે છે.

લક્ષ્મીજીની સખી તથા કલ્યાણ સ્વરૂપી પાપને હણનારી, પુણ્યને આપનારી અને નારદ જેની સ્તુતિ કરે છે એવી હે નારાયણને વ્હાલી તુલસીમાતા તને હું નમસ્કાર કરું છું.

તુલસી માતાને આપણા સૌના નમસ્કાર હજો. તુલસી માતાના આ અગણિત ઉપકારનું સ્મરણ કરી સદા તેનું ભક્તિ પૂર્વક સેવન કરીને આપણા નિત્ય જીવનમાં અભિન્ન અંગ તરીકે સ્થાન આપીએ. તુલસી વિવાહના પર્વની આપણા સ્વામિનારાયણ મંદિર, ભુજ દ્વારા ઉજવણી થાય છે. ત્યારે આપણે ઉત્સાહ પૂર્વક ભાગ લઈએ છીએ અને માતા તુલસીની આપણે વંદના કરીએ છીએ.

# તમે જાણો છો ? શું ? ક્યારે ? કેટલું ? અને કેવું ? બોલવું જોઇએ

અહેવાલ :- રમણભાઇ ગજ્જર, અમદાવાદ

ઘરમાં કે બહાર માણસના રોજિંદા વ્યવહારમાં વાણીનો ઉપયોગ અનિવાર્ય હતો. આજે પણ છે અને ભવિષ્યમાં પણ રહેશે જ, તે તો આપણે સારી રીતે જાણીએ છીએ.

માણસ જીવન પર્યંત બોલતો રહે છે. બોલતા બધાને આવડે છે. પણ ક્યાં ? ક્યારે ? કેટલું ? અને કેવું ? બોલવું તે બહુ ઓછા માણસોને આવડે છે.

અને આ વાત જેને સમજાઈ જાય છે. તે જીવનમાં ઉચ્ચ ધ્યેયોને પ્રાપ્ત કરી શકે છે.

મારી, તમારી અને આપણી વાણી સાંભળવા કેટલા તૈયાર હોય છે ? જવાબ સંતોષકારક નહિ જ મળે.

જ્યારે આપણા સંતોની, અરે ! વિદ્વાન વક્તા શાસ્ત્રી સંતોની વાણી-કથાવાર્તા સાંભળવા આપણે નોકરી, ધંધો બંધ રાખી સમય કાઢીને પણ કથા પારાયણમાં હાજરી આપીએ છીએ. તેનું કારણ તેમની વાણીનો પ્રભાવ-પ્રતાપ છે. તેમને બોલતાં આવડે છે માટે.

ભતૃહરિએ કહ્યું છે કે, ‘‘વાણીનું આભૂષણ ઉત્તમ પ્રકારનું છે કારણ કે તે કદી ઘસાતું નથી.’’

વાણી, વચન, શબ્દ તેની એક ચોક્કસ પ્રકારની કિંમત હોય છે. તેને ગમે તેમ વેડફી દેવાય નહિ. જીવનના કોઈ પણ ક્ષેત્રમાં સફળતા મેળવવામાં વાણી ખૂબ જ અગત્યનો ભાગ ભજવે છે. તેને નજર અંદાજ કરનારને ક્યારેક બહુ મોટી કિંમત ચૂકવવી પડે છે.

આપણે શ્રીહરિના આશ્રિતો છીએ આપણી વાણી સંસ્કારી જ હોવી જોઈએ. આપણી વાણીમાં કોઈ પણ પ્રકારના એલફેલ - અપશબ્દો હોવા ન જોઈએ. આપના કપાળમાં તિલક-ચાંદલાની પ્રતિષ્ઠા જળવાવી જોઈએ.

વાણીનું મહત્ત્વ બતાવતા મહાભારત લખે છે કે, ‘‘વ્યર્થ બોલવાં કરતાં મૌન રહેવું એ વાણીની પ્રથમ વિશેષતા છે. સત્ય બોલવું એ વાણીની બીજી વિશેષતા છે. પ્રિય બોલવું એ વાણીની ત્રીજી વિશેષતા અને ધર્મગત બોલવું એ વાણીની ચોથી વિશેષતા છે. આ ચારેય ક્રમશ : એક બીજાથી ચઢિયાતા છે.’’ આપણો આ વૈશ્વિક વારસો છે. તેનું સંરક્ષણ અને સંવર્ધન કરવું તે આપણી પ્રાથમિક ફરજ છે.

માણસોની સાચી પરખ તેમની વાણી પરથી થતી હોય છે. જેમ જેમ માણસોના મુખમાંથી વાણી પ્રગટ થતી જાય છે, તેમ તેમ એમના જાતિ, કુળ, સંસ્કાર પ્રગટ થતા જાય છે.

અપશબ્દો એટલે માત્ર ગાળો જ નહિ, તોછડા કે અપમાનજનક શબ્દો પણ અપશબ્દો જ કહેવાય. ઘણીવાર ક્રોધાવેશમાં આવી જઈને અણજાણ પણે ઘણા અપ શબ્દો બોલી નાખે છે. તેથી ક્રોધથી તો દૂર જ રહેવું. કારણ કે ક્રોધ કરનારના તો દાન, તપ, જપ, યજ્ઞ, વ્રત, નિયમ બધું જ નિરર્થક જાય છે.

નોકરીમાં સહકર્મચારી સાથે તથા ધંધાના સ્થળે નોકર-ઘરમાં ચાકર સાથે પણ વિવેકશીલ વાણીથી જ બોલવું જોઈએ, પાડોશી સાથે પણ સારી વાણી વાપરવી જોઈએ.

આપણા સૌના હિતકારી શ્રીસ્વામિનારાયણ ભગવાને ‘શિક્ષાપત્રી’ની આજ્ઞા : ૨૦માં જણાવ્યું છે કે, ‘‘ક્યારે અપશબ્દો બોલવા નહિ.’’ તેનું આજીવનપર્યંત પાલન કરવું જોઈએ.

બીજાઓ ઉપર ખોટા આરોપ કરવા તે વાણીનું પાપ છે. આપણે એ યાદ રાખવું જોઈએ કે, આપણી વાણીમાંથી અમૃત પણ ઝરે છે અને ધ્યાન ન રાખીએ તો ઝેર પણ ઝરે છે. પાણી અને વાણી આ બન્નેનો ગાળીને ઉપયોગ કરવો જોઈએ. પાણીને વસ્ત્ર વડે ગાળવું જોઈએ. અને વાણીને વિવેક-વિચારથી ગાળવી જોઈએ. અંતમાં શ્રીહરિને પ્રાર્થના કરીએ કે, આપણે સારો વાણી વ્યવહાર કરીએ તે માટે દિવ્ય બળ, બુધ્ધિ, શક્તિ અને ભક્તિ આપણને પ્રદાન કરે.

# મહામંત્રના પ્રતાપથી સ્મશાનમાં મડદું બોલ્યું

અહેવાલ :- લાલજી નારણ, માનકુવા

અલૈયાખાચરનો ચાકર જેહલો કરીને હતો. તે અકસ્માતથી મૃત્યુ પામ્યો. તે વખતે અલૈયાખાચર સીમમાં ગયા હતા. આ બાજુ જેહલાને સ્મશાનમાં લઈ ગયા હતા. ત્યાં અલૈયાખાચર જઈ પહોંચ્યા. તે વખતે જેઠ સુરાખાચર બોલ્યા જે, તું ભાગતો હતો. જે સ્વામિનારાયણનું નામ લે તેને મહારાજ તેડવા આવે અને આ તો જેહલે દેહ મેલ્યો તે પુઠ્યે થઈને જીવ નીકળી ગયો. અમે તો મહારાજને ભાળ્યા નહીં. અલૈયાખાચર કહે, તે ધામમાં ગયો છે માટે તમારે પરીક્ષા લેવી હોયતો અગ્નિ મેલશો નહિ. પછી અલૈયાખાચરે સૌને કહ્યું જે, ‘સ્વામિનારાયણ...સ્વામિનારાયણ... એવી ધૂન્ય કરો.’ એમ ઘડીક ધૂન કરવાથી જેહલો દેહમાંથી બેઠો થયો. તે વખતે અલૈયાખાચર બોલ્યા જે, ‘જેહલા ! ક્યાં ગયો હતો ?’ ત્યારે તે કહે, “હું તો અક્ષરધામમાં ગયો હતો.” પછી અલૈયાખાચરે કહ્યું જે ત્યારે તે પાછો કેમ આવ્યો ? ત્યારે તે કહે, “મહારાજે કહ્યું જે, અલૈયાખાચરની પ્રતિજ્ઞા રાખવા માટે જા.” માટે ધૂન્ય કરો. હું પાછો ધામમાં જાઉં છું. એમ કહીને પાછો ધામમાં ગયો.

આપણા સત્સંગમાં આવા મહાન ભક્તો પણ છે અને હતા. આવો પ્રતાપ છે સ્વામિનારાયણ નામનો ધામમાંથી પણ ભક્તો દેહમાં આવી વાર્તા કરે અને પાછા દેહ ત્યાગ કરીને ભગવાનના ધામમાં જાય.

---

# ‘સ્વામિનારાયણ’ મહામંત્રથી અવગતિ પામેલા સર્પનો ઉધ્ધાર

અહેવાલ :- જાદવા આર., માનકુવા

સ.ગુ. સ્વામી મહાપુરુષદાસજી સત્સંગ વિચરણ કરતા કરતા જામનગર પાસેના વીજરખી ગામે પધાર્યા. ત્યાં દરવાજાની બાજુમાં એક ખાલી ઘર હતું. તેમાં સ્વામીએ ઉતારો કર્યો. ત્યાં સુથાર ભક્ત વાલજીભાઈ રસોઈ આપી હતી. ઠાકોરજીને થાળ ધરાવીને સૌ સંતો ઠાકોરજી જમાડીને પછી આ વાલજી સુથારને ઘરે પધરામણીએ ગયા. ત્યાં વાલજીભાઈ ભાઈ જાદવજીભાઈએ સ્વામીને વાત કરી કે, ‘સ્વામી ! અમારા ઘરમાં એક મોટો સાપ રહે છે, તે ઘરમાં કે રસોડામાં, ફળિયામાં બધે ઠેકાણે દેખાય છે પણ કોઈને કરડતો નથી. અમે એક-બે વખત પકડીને દૂર નાંખી આવ્યા પણ પાછો તરત જ આવી જાય છે. બહુ જ બીએ યેં. નાના છોકરાંઓ તો રડતાં રડતાં ચીસો જ પાડે છે. તો સ્વામી ! હવે આ આવી પડેલા દુ:ખનું શું કરવું ?’

પછી સ્વામીએ પાણીનો લોટો મંગાવી તેમાંથી પાણી છાંટતા છાંટતા ‘સ્વામિનારાયણ’ બોલતાં બોલતાં કહ્યું કે, ‘તું હવે બદરીકાશ્રમમાં જતો રહેજે.’ આટલું કહીને સ્વામી ઉતારે આવ્યા. બીજા દિવસે સ્વામી જાદવજીભાઈને વાડામાં મોકલે છે. જ્યા જાદવજીભાઈ સુથાર વાડામાં ગયા તો ત્યાં જે મોટો સાપ હતો તે મરેલો જોયો. આ વાત જાદવજીભાઈએ સ્વામીને કહી. ત્યારે સ્વામી મહાપુરુષદાસજીએ કહ્યું કે, ‘તે સાપ આગલા જન્મનો તારો ભાઈ હતો. તેને અમે બદરીકાશ્રમમાં મોકલી દીધો છે.’ આવો મહિમા છે. આ મહામંત્ર રત્ન ‘સ્વામિનારાયણ’ નામના ઉચ્ચારનો... !!!

# જોયતા ભગત

અહેવાલ :- શ્રીમતી પુષ્પાબેન કેરાઈ, અંજાર

એક ગામમાં જોયતા નામના એક દ્વીજ સત્સંગી રહેતા હતા. એનાં અંતિમ દિવસોમાં શ્રીજી મહારાજ એમને દર્શન આપવા એને ઘેર પધાર્યા. મહારાજને સામે ચાલીને પોતાને દર્શન આપવા પધારેલા જોઈને જોયતાને બહુ આનંદ થયો.

જોયતાએ મહારાજને આજ પોતાના ઘેર થાળ જમવાનું આમંત્રણ આપ્યું અને મહારાજે રાજી થઈને એને રસોઈ કરવાની આજ્ઞા કરી. અને જોયતા ભગતે જાતે શ્રીજી મહારાજ માટે રસોઈ તૈયાર કરી અને ખૂબ ભાવથી મહારાજ એને પીરસેલો થાળ જમ્યા. એ જોઈને જોયતાને અતિ આનંદ થયો અને પોતાની જાતના અહોભાગ્ય માન્યાં. ત્યારે એણે ઘરમાંથી મુખવાસ લાવીને પ્રભુને આપ્યો અને શ્રીજી એના પર પ્રસન્ન થયા. બે હાથ જોડી જોયતો જ્યારે પ્રભુને પોતા પર કરેલી મહેરબાનીથી ગદગદ બની ગયો ત્યારે શ્રીજી મહારાજે કહ્યું જે,

"હે જોયતા ભગત ! અમે અત્યારે ખાસ તમારા કાજે ખાસ એક વાત કહેવા આવ્યા છીએ તો તું ધ્યાન દઈને સાંભળ અને હિંમત રાખીને ધૈર્ય રાખીને સાંભળ. પુરા એક મહિના પછી આ તારો દેહ નાશ પામશે. જ્યારે તું કૂવામાં નહાવા જઈશ ત્યારે કૂવો તારા પર ઢસી પડશે અને ત્યાં તારું મોત થશે એમાં લગીરે પણ વારીફરી નહિ થાય. એવું અમારું વચન ધ્યાનમાં રાખજે. એ સમયે અમો વાજતે ગાજતે અમારા પાર્ષદો સહિત ખાસ રથ વાજતે ગાજતે તેડવા આવશું અને લઈને તને અમો અમારા ધામમાં લઈ જશું. ત્યાં સુધી આનંદમાં રહીને ભજન-કીર્તન કરજે. આ વાત તું પ્રભુના સાચા ભક્ત સિવાય બીજે ક્યાંય પણ કહેતો નહિં."

ત્યારે જોયતો બહુ આનંદમાં આવી ગયો.

ભલે મહારાજ મારાં સદ્ભાગ્ય કે તમો સામે ચાલીને મને તમારા ધામમાં લઈ જશો. પણ તમને મલવાની મારી એક નમ્ર વિનંતી છે. મારી એક સત્સંગી બેન છે જેને તમારાં દર્શનની ઘણી જ ઈચ્છા છે. તમને મલવાની બહુ જ તાલાવેલી છે તો આપશ્રીની આજ્ઞા હોય તો એને દર્શન કરવા હમણાં જ તેડી લાવું. અને જોયતો એની બહેનને તેડી આવ્યો તો મહારાજ ત્યાં નહિ. રસોઈ જમેલ વાસણ એમને એમ પડેલ હતાં ત્યારે એની બેનને મહારાજે આપેલું વચન કહી સંભળાવ્યું એક મહિના પછી એને તેડવા આવે ત્યારે દર્શન માટે બેનને હાજર રહેવાનું કીધું.

અને પૂરા એક મહિને મહારાજ વાજતે ગાજતે જોયતાને આંગણે પધાર્યા જેનાં પડોશી સૌને દર્શન થયાં. જોયતાની બહેને ધરાઈને પ્રભુના દર્શન કર્યા અને શ્રીજી જોયતાના પુનિત આત્માને લઈને આકાશમાર્ગે આક્ષરધામ સીધાવ્યા. આખાં ગામે આ દશ્ય નજરે જોયું અને જોયતાના સ્વામિનારાયણ ભગવાનની ચર્ચા આખા ગામમાં થવા લાગી.

આજે પણ સંપ્રદાયના સાચા ભક્તને ભગવાન અને સંતો તેડવા આવે છે અને પોતાના ધામમાં પોતાનું સુખ આપે છે.


## ગ્રાહક છો ? તો બીજાને બનાવો

ભુજ મંદિરનું મુખપત્ર માસિક શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશમાં દેશ-વિદેશના કચ્છ સત્સંગના સમાચારો સાથે પ્રેરણાદાયી લેખો દ્વારા સત્સંગની સેવા કરવામાં આવે છે. આપ દૂર-દૂર બેઠા હો તો પણ લવાજમ ભરી આજીવન દેશમાં ૫૦૦/- વિદેશમાં ૬૦૦૦ રૂ. ભરી આજે જ થઈ ઘેર બેઠા માસિકપત્ર મેળવો. વાંચો અને વંચાવો.

# સંસ્થા સમાચાર

ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરે સ.ગુ. મહંત સ્વામી પ.પૂ. ધર્મનંદનદાસજીની પ્રેરણા તથા સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી તથા કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદિ વડીલ સંતોના માર્ગદર્શન અનુસાર કથા પારાયણ આદિ વિવિધ ઉત્સવો તથા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું.

## શ્રી સ્વામિનારાયણ સત્સગ દ્વાદશ શિબિર સંપન્ન

કચ્છ ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિર આયોજીત, કચ્છ શ્રી નરનારાયણ દેવ યુવક મંડળની પંચ દિવસીય આવાસીય શ્રી સ્વામિનારાયણ દ્વાદશ સત્સંગ શિબિર ૫૦થી વધુ સંતોના સાનિધ્યમાં હાલમાં સંપન્ન થઈ. શિબિર એ યુવક મંડળ માટે અનોખા ઉત્સાહનો ઉત્સવ હોય છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ સમગ્ર કચ્છના તથા બેંગલોર, પુના, મુંબઈ, નાગપુર, ઈન્દોર, વિગેરે સમગ્ર ભારતવર્ષ તથા ઓસ્ટ્રેલીયા, સમગ્ર આફ્રીકા, યુરોપ, વિગેરે સર્વત્ર ચાલતાં યુવક મંડળોમાથી જે તે સ્થાનોના પ્રતીનીધી તરીકે ચુનંદા યુવાનો ઉપસ્થીત રહેતાં આ આવાશીય શિબીરમાં ભાગ લેનારની સંખ્યા ૧૩૦૦થી વધારે હતી. અને ૭૦૦ યુવતી બહેનો અને ૧૦૦થી વધુ સાંખ્યયોગી બહેનો હતાં. લાભ પાંચમથી સરુ થતી અને જીવનમાં સાચા અર્થમાં લાભ આપતી આ શિબિરમાં લાભ લેવા માટે દરેક યુવાનો આગલા દિવસે સાજે શિબીર સ્થળ શ્રી સ્વામિનારાયણ કન્યા મંદિર - મિરજા પર આવી પહોચેલા. ઉતારા બાદ સભામાં નિત્યનીયમ કરી આવસ્યક સુચનાઓ બાદ ભોજન પ્રસાદ લઈ વિરામ કર્યો. લાભ પાંચમના વહેલી સવારે સર્વે યુવાનો પ્રાત:પૂજા કથા પૂર્ણ કરી શિબિરના ગણવેષમાં સજ્જ થઈ અમુલ્ય અવસરની રાહ જોતા હતા.

આ શિબિરનો પ્રારંભ મશાલયાત્રાથી થવાનો હોતાં તેમાટે ભુજ મંદિરે શ્રી નરનારાયણ દેવની આગળ પગથીયા ઉપર મશાલો ગોઠવવામાં આવેલી. ઢાકોરજીની સણગાર આરતીની જ્યોત વડે પૂજ્ય મહંત સ્વામી આદી વડીલ સંતોના વરદ હસ્તે આ મસાલો પ્રગટાવામાં આવી. મહંત સ્વામી આદિ સંતોની આગવાની કરતી ચુનંદા યુવાનો દ્વારા આ મશાલયાત્રા મિરજાપર મુકામે શીબીર સ્થળે પહોચી. ૧૦૦થી પણ વધારે સંતોની ઉપસ્થીતીમાં પૂજ્ય મહંત સ્વામી આદી વડીલ સંતોના વરદ હસ્તે, જય ઘોષ, તાડીના ગડગડાટ અને પ્રભુ પ્રાર્થના સાથે આ દ્વાદશ શિબિરનું દીપ પ્રાગટ્ય થયું. પૂજ્ય મહંત સ્વામીના વરદ હસ્તે પ્રગટેલ શિબીર પ્રારંભના દીપથી સૌના અંતરમાં દીવ્યતાનો અહેશાષ થયો.

દીપ પ્રાગ્ટ્ય બાદ ૨,૦૦૦ શિબીરાર્થીઓની વિશાળ ઉપસ્થીતીમાં સ્ટેજ ઉપર દર્શન આપતા પૂજ્ય મહંત સ્વામીનું, યુવક મંડળના વડીલ સદ્‌ગુરુ પુરાણી શ્રી હરિદાસજી સ્વામીએ પુષ્પમાળા પહેરાવી સ્વાગત કર્યું. સદ્‌ગુરુ સ્વામી બાલકૃષ્ણદાસજી એ સદ્‌ગુરુ પ્રેમપ્રકાશ દાસજી સ્વામીનું, તથો કોઠારી પાર્ષજ જાદવજી ભગતનું સદ્‌ગુરુ સ્વામી સ્વયંપ્રકાશદાસજી એ પુષ્પમાળા પહેરાવી સ્વાગત કર્યું. આવીરીતે સર્વે વડીલ સંતો તથા પ્રસાદિ મંદિર, અજાર , માંડવી વિગેરે ધામોથી પધારેલ સર્વે સંતોનું સ્વાગત કરવામાં આવ્યું. સ્વાગત બાદ યોજના મુજબ સભા ગોઠવણી કરી શિબીરના મુખ્ય સત્રની શરુવાત થઈ. આજના પ્રથમ સત્રના પ્રેઝંટેશનમાં પુરાણી સ્વામી બ્રહ્મમુનીદાસજીએ - આપણા ધરને મંદિર બનાવિએ - એ વિષય ઉપર ખૂબ ચિંતનાત્મક સ્લાઈડો અને પ્રશ્નો દ્વારા આ વિષયને સ્પષ્ટ રીતે સર્વેને સમજાવી હોસે હોસે તે પ્રમાણે કરતાં શિખવી દીધુ.

માનસીપૂજા બાદ ભોજન પ્રસાદ લીધા પછી દરરોજ મધ્યાહ્નસત્ર ફક્ત બહેનો માટે રહેતું. આમા ૧૦૦ જેવાં સાંખ્યયોગી બહેનો સાથે ૭૦૦ વ્યવહારુ બહેનોની પુરી હાજરી રહેતી. આવી રીતે પુરી શિબિર દરમ્યાન દરોજ બપોરનું સત્ર ખાસ સાં.યો. બહેનો દ્વારા અને બહેનો માટે રહેતુ. જેમ યુવાનોનું સંચાલન સંતો કરે તેમ શિબિરાર્થી બહેનોનું સંચાલન મહંત સાં.યો. સામબાઈ તથા સાં.યો. નાનબાઈ માનકુવા તેમજ સાં.યો.સીતાબાઈ તથા સાં.યો.મીનાબાઈ ભુજ આ ત્રણ બહેનો મહંત બાઈની આજ્ઞામાં રહી સંતોની સૂચના મુજબ સંચાલન કરતાં.

બપોર પછીના કથા સત્રમાં શાસ્ત્રી કૃષ્ણસ્વરુપ દાસજી સ્વામીએ શારસિદ્ધિ ગ્રંથ આધારીત આજના ઝડપી જમાનામાં સત્સંગની જરુરીયાત અને સત્સંગમય જીવન જીવવાનાં કૌશલ્ય શીખવેલ. સંત પ્રવચનમાં પુરાણી કેશવજીવન દાસજી સ્વામી તથા પુરાણી શ્રી પ્રકાશ દાસજી સ્વામીએ પણ સત્સંગ મય જીવનની મનનીય મહતા બતાવેલી. દરોજ રાત્રીસત્રમાં આરતી નીત્ય નિયમ કરી ભક્તચિંતામણી પરચાપ્રકરણની કથા થતી. દરરોજ અલગ અલગ વક્તાઓ એક એક પરચા ઉપર, આ સત્સંગમાં મહારાજનું પ્રત્યક્ષપણું તથા પોતાના આશ્રીતોની પડે પડે રક્ષા કર્યાની બળભરી વાતો કરેલી. રાત્રે રાસોત્સવ, સંતસમાગમ, સત્સંગઆનંદ જેવા કાર્યક્રમો રહેતા.

પ્રાતઃપૂજા મંગળા આરતી બાદ દરોજ અલગ અલગ સંતો વચનામૃતની કથા કરે.વડીલ સંતો વાર્તા કરી મહારાજના સિદ્ધાન્ત અને આજ્ઞાને સમજાવતા.

બીજા દીવસે સવારના મુખ્ય શત્રના પ્રેઝંટેશનમાં અંતઃશત્રુ ઈર્ષા ઉપર શાસ્ત્રી દેવચરણ દાસજી સ્વામી એ ચિંતનાત્મક સ્લાઈડો ઉપર વિસ્તૃત રજુવાત કરી તેને ઓળખાવી. વચનામૃતના આધારે મહારાજે બતાવેલ ઈર્ષા ટાળવાના ઉપાયો વર્ણવી જીવનમાં સુખી થવાના ઉપાયો બતાવ્યા. તેના ઉપર સર્વે યુવાનો ગૃપચર્ચા કરી. અન્તે વ્યાખ્યાનમાળામાં પુરાણી શ્યામકૃષ્ણ દાસજી સ્વામીએ સમર્પણભાવ ઉપર અનેક દ્રષ્ટાંતો સાથે કથા કરી. બપોરપછીના કથાસત્રમાં પુરાણી પરમહંસ દાસજી સ્વામીએ સત્સંગના માધ્યમથી જીવનમાં વિવેક અને સમઝણ આવે છે તે વિષય ઉપર ભવ્ય અને સ્પષ્ટ રજુઆત કરી. બાદ સ્ટેજ ઉપર યુવાનો દ્વારા દર્શન વિવેકને પ્રેક્ટીકલ કરી દર્શાવ્યો હતો.

ત્રીજા દિવસે મુખ્યશત્રમાં પાર્ષદ ખીમજી ભગતે રુપ અને આકાર વગરના તેમજ આપણા શરીરમાં રહેતા માન નામના અંતઃશત્રુને, ખૂબ વિચારણાત્મક સ્લાઈડ દશ્યો સાથે પ્રશ્નાત્મક રજુઆત કરી ઓળખાવ્યો. તથા તેને ટાળવા માટે મહારાજે વચનામૃતમાં સૂચવેલ ઉપાયો ને ટાંકી સરસ અને સરળ રીત શીખવી. યુવાનો તેના ઉપર ગૃપચર્ચા કરી. વ્યાખ્યાન સત્રમાં પુ. ઈસ્વરસ્વરુપદાસજી સ્વામીએ વચનામૃ અને હરિસ્મૃતીના આધારે મહારાજનો મહિમા સમજાવેલ.

બપોર પછીના સત્રમાં શાસ્ત્રી કૃષ્ણસ્વરુપદાસજી સ્વમીએ દૈનીક જીવનમાં સત્સંગની મહતા અને તેને કારણે જીવનવ્યહારમાં શાંતીની સરસ રજુઆત કરી. આશીર્વચનમાં કોઠારી પાર્ષદ જાદવજી ભગતે શ્રી નરનારાયણ દેને વિષે નિષ્ઠાવાળા સર્વે સંતો તથા સાંખ્યયોગી બહેનોની મહેનતને બીરદાવતાં કહ્યું સંતો અને સત્સંગ સાથે જોડાઈ રહેશો તો મહારાજ આપણી સાથે જ છે.

ચોથા દિવસે મુખ્યસત્રમાં શા. દેવચરણદાસજીએ મહારાજે મ.પ્ર.વચનામૃતમાં યાદ કરેલ ભારતવર્ષની આર્ય સન્નારી સીતા ઉપર બહુજ મનનીય અને ભવ્યરીતે પ્રેઝંટેશન રજુ કર્યું. આપણા જીવનને તેની સાથે સરખાવી તુલનાત્મક રજુઆત કરી. આ ચિંતનાત્મક અને તુલનાત્મક રજુઆતથી અનેક વ્યકિતિઓએ પોતાના જીવનમાં કાંઈક વિશેષ સારું કરવાની ભવના વ્યક્ત કરેલી. વ્યાખ્યાન સત્રમાં સ.ગુ. દેવકૃષ્ણદાસજી સ્વામીએ લક્ષ્મીરામભાઈનો પ્રસંગ ટાંકી આપે કેવા ભક્ત છીએ તે અંતર સાંમે જોવું તથા ધીરજ અને સમજ કેળવાની ભલામણ કરી. ત્યારબાદ શા. અક્ષરપ્રિયદાસજી સ્વામીએ સહસ્ત્રકુંચી દૈત્યના ઐતિહાસિક પ્રસંગ તથા વચનામૃત ,સત્સંગિજીવન, શ્રીમદ્‌ભાગવત જેવાં શાસ્ત્રોના સંદર્ભો સાથે દયાળુ શ્રી નરનારાયણ દેવનો મહિમા કહ્યો.

**કચ્છ શ્રી નરનારાયણ દેવ યુવતી મંડળની સ્થાપના :-**

આજે યુવાનોની જેમ બહેનોની સભા પણ વિશાળ હતી. આ સભામાં આશીર્વાદ આપતા પૂજ્ય મહંત સ્વામીએ કહ્યું કે શ્રી નરનારાયણ દેવની પ્રેરણાથી અમને એવો સંકલ્પ થાય છે કે જેમ યુવક મંડળ ચાલે છે તેમ યુવતી મંડળની પણ સ્થાપના થાય. જેમ યુવક મંડળથી યુવાનોમાં સત્સંગના મધ્યમથી વ્યવહારીક ધાર્મીક સમજણ કેળવાઈ છે. તેમ બહેનોમાં પણ સમજણ કેળવાય અને તેઓના ઉપર પણ મહારાજની કૃપા થાય ને તેઓ તેના જીવનમાં ખૂબ શાંતિ અને સંપથી સુખી રહે. મહંત સ્વામીના આ શબ્દો સાથે પુરી સભામાં તાડીના ઘોષ સાથે ખૂબ ઉત્સાહ છવાઈ ગયો.

મહંત સ્વામીના આશીર્વચનોએ આપણને બહુ જ મજબુત કરી દીધા છે. ત્યારબાદ મહંત સ્વામીના સંકલ્પને સાકાર કરતો, અને બહેનો માટે સત્સંગનો પ્રકાશ પાથરતો, કચ્છ શ્રી નરનારાયણદેવ યુવતી મંડળની સ્થાપનાનો દીપપ્રગટ કરાયો. બહેનોની સભામાં ગામેગામનાં સાંખ્યયોગી બહેનો સાથે બહેનોનાં મહંત સામબાઈ ફઈએ દીપ પ્રાગટ્ય કરી દરેક બહેનોના હૃદયમાં સત્સંગની નીષ્ઠાનો ઉત્સાહ પ્રસરાવી દીધો. વરસની પહેલી હરિજયંતીના દિવસે બહેનોને મોટો લાભ થયો. આ સમય દરમ્યાન શાસ્ત્રી અક્ષરપ્રકાશ દાસજી સ્વામીએ કહ્યું કે યુવક મંડળથી યુવાનો જ્ઞાન નીષ્ઠાથી એકમેક છે. હવે યુવતી મંડળથી યુવતીઓ એકમેક થશે. સરવાળે કચ્છનો સત્સંગ મુઠી ઉચેરો હતો અને હવે વિશેષ ઉચેરો અને આગળ રહેશે.

શિબિર સમાપ્તિએ પૂજ્ય મહંત સ્વામીના આશીર્વાદ,આ તપો ભુમી છે અહિં આપણા વિચારો શમી જાય છે. તમો સત્સંગ અને ભજન માટે આવ્યા છો તો તમારા જે સંકલ્પ હશે તે શ્રી નરનારાયણ ભગવાન પુર્ણ કરશે.

પૂજ્ય શ્રીહરિ સ્વામીના આશિર્વાદ, આ શિબિર એ એક આત્મચીંતનની પારાયણ થઈ છે. હવે સર્વે ભક્તોએ પરસ્પર એકરુચી રાખવી અને પરસ્પર સહયોગ કરવો. અંતે આ આખાય આયોજનને સફળ બનાવવા માટે અનેક સંતો ભક્તોની સેવાને યાદ કરી પરમહંસદાસજી સ્વામી દ્વારા આભારવિધી સાથે શિબીર સમાપ્ત થઈ. અંતે સર્વે શિબિરાર્થી ભક્તો ભુજ શ્રીનરનારાયણ ભગવાનનાં દર્શન કરી શિબિરમાં મળેલ સત્સંગને સંભારતા પોતપોતાના સ્થાનકે ગયા.

અહેવાલ :- સ્વામી લક્ષ્મણપ્રકાશ દાસ.

---

## ભુજ શ્રીસ્વામિનારાયણ મંદિરે દીપોત્સવી મહાપર્વની ભવ્ય ઉજવણી કરવામાં આવી

ભુજ શ્રીસ્વામિનારાયણ મંદિરના મહંત સ.ગુ. પુ. સ્વામી ધર્મનંદનદાસજી, સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, પુરાણી સ્વામી કેશવપ્રસાદદાસજી, કોઠારી પાર્ષદ જાદવજી ભગતની આજ્ઞા તથા માર્ગદર્શન હેઠળ મંદિર મધ્યે દર વર્ષની જેમ ચાલુ સાલે તા. ૯-૧૧ થી ૧૨-૧૧-૧૫ સુધી દીપોત્સવી પર્વની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી.

તા. ૯-૧૧-૧૫ના ધનતેરસના દિવસથી જ પર્વના બધા દિવસોમાં વહેલી સવારે મંગળા આરતીમાં વિશાળ સંખ્યામાં હરિભક્તોએ પધારીને દર્શનનો અલભ્ય લાભ પ્રાપ્ત કર્યો હતો. તા. ૧૦-૧૧-૧૫ના કાળીચૌદશના પરંપરાગત રીતે સાંજે હનુમાનજીનું શાસ્ત્રોક્તવિધિ સાથે પૂજન તથા આરતી કરવામાં આવી. જેના યજમાનપદે ગામ ભુજના ભૂપેન્દ્ર નટવરલાલ દેસાઈ પરિવાર રહ્યા હતા. તા. ૧૧-૧૧-૧૫ના દિવાળીના સાંજે ૪:૦૦ વાગ્યે મંદિરના વિશાળ સભામંડપમાં મહંત પુ. સ્વામી ધર્મનંદનદાસજી, સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, પુરાણી સ્વામી કેશવપ્રસાદદાસજી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત, કોઠારી પાર્ષદ દિનેશ ભગત આદિ બ્રહ્મનિષ્ઠ પૂ. સંતોના સાંનિધ્યમાં વિદ્વાન બ્રાહ્મણો વેદોક્ત મંત્રોથી સમૂહ ચોપડાપૂજન કરાવ્યું હતું. જેનો મોટી સંખ્યામાં હરિભક્તો, ધર્મપ્રેમીઓએ લાભ લીધો. આજ દિવસે સંધ્યા આરતી બાદ કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક-યુવતી મંડળ તથા અન્ય હરિભક્તો દ્વારા સમજાવવામાં આવેલ હજારો દિપકોથી સમગ્ર મંદિર સંકુલ ઝગમગી ઉઠ્યું. ભક્તજનો દ્વારા તૈયાર કરવામાં આવેલ નયનરમ્ય વિવિધ ભાતની રંગોળીઓ પણ ધ્યાનાર્ષક બની હતી.

તા. ૧૨-૧૧-૧૫ના નૂતનવર્ષ પ્રારંભે ઠાકોરજી સમક્ષ અનેક પ્રકારની જુદી જુદી વાનગીઓનો અન્નકૂટ ધરાવવામાં આવ્યો. સવારે ૯:૩૦ થી ૫:૦૦ વાગ્યા સુધી હૈયેહૈયુ દળાય એટલી મોટી સંખ્યામાં ગામેગામથી હરિભક્તોએ આ અન્નકૂટોત્સવના દર્શન કરી ધન્ય થયા. મહાપર્વ દિપોત્સવના આ દિવસો દરમ્યાન જુદા-જુદા પ્રકારના રંગબેરંગી લાઈટ ડેકોરેશન શોભિત મંદિરમાં શ્રીઠાકોરજીને ભારે સુંદર વસ્ત્રાલંકારો ધરાવવામાં આવ્યા હતા.

આ સમગ્ર મહોત્સવ કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજી, સ્વામી શાંતિસ્વરૂપદાસજી, સ્વામી રઘુવીરચરણદાસજી, સ્વામી ધર્મજીવનદાસજી, સ્વામી પ્રભુવલ્લભદાસજી, સ્વામી દિવ્યસ્વરૂપદાસજી, સ્વામી ધર્મસ્વરૂપદાસજીએ જહેમત ઉઠાવી હતી અને માર્ગદર્શન આપ્યું હતું.

## આર.એસ.એસ.ના વડા માનનિય મોહન ભાગવતે સંતોના આશિષ મેળવ્યા

દિવાળીના પ્રકાશ પર્વની પૂર્વ સંધ્યાએ રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના સરસંચાલક શ્રીમોહન ભાગવત (ઝેડ પ્લસની કડક) સુરક્ષા વચ્ચે ભુજ એરપોર્ટથી સીધા શ્રીસ્વામિનારાયણ મંદિર, ભુજના દર્શનાર્થે પધાર્યા હતા. પ્રાંગણમાં પ્રવેશતાની સાથે જ કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજી અને શાસ્ત્રી સ્વામી દેવચરણદાસજીએ તેમના ભાલે કુંકુમ-ચોખાથી ચાંદલ ો કરી આવકાર્યા હતા અને સફેદ ગણવેશમાં સજ્જ કચ્છ શ્રીનરનારાયણદેવના ૧૦૦ થી વધુ યુવકોએ બે કતારો બનાવીને તેઓનું સ્વાગત કર્યું હતું. કતારો વચ્ચેથી યુવકોનું અભિવાદન ઝીલતા મુખ્ય મંદિરે પધાર્યા. ત્યાં મહંત સ.ગુ. સ્વામી ધર્મનંદનદાસજી, સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, સ.ગુ. કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદિ સંતો, ટ્રસ્ટીઓએ ભાવભીનું સ્વાગત કર્યું હતું. સંતો, હરિભક્તો સાથે શ્રીનરનારાયણદેવ, શ્રીઘનશ્યામ મહારાજ, શ્રીરાધાકૃષ્ણદેવ આદિ ઠાકોરજીનાં દર્શન કર્યા બાદ સંતોના નિવાસ (સંત ધર્મશાળા)ની વ્યવસ્થા જોઈ પ્રભાવિત થઈ સત્સંગ ગોષ્ઠી કક્ષમાં પહોંચ્યા હતા.

સત્સંગ ગોષ્ઠીમાં સ્વામી દેવચરણદાસજીએ સર્વે સંતો, ટ્રસ્ટીઓ અને હરિભક્તોનો પરિચય આપ્યો હતો તેમજ મંદિર દ્વારા થતી વિવિધ પ્રવૃત્તિઓ વિષે માહિતી આપતાં ગૌ-સેવા, દુષ્કાળના સમયે ઘાસચારાનો પ્રબંધ, જ્ઞાતિ કે ધર્મના ભેદભાવ વગર થતા મેડીકલ કેમ્પ કે જેમાં નિઃશુલ્ક નિદાન, સારવાર અને શસ્ત્રક્રિયા સહિતની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવે છે. શિક્ષણક્ષેત્રે ગુરુકુળો તેમજ કન્યા કેળવણી (પ્રાથમિકથી સ્નાતક સુધી) ની વિગતો આપી હતી. કુદરતી આપતિ સમયે દેશ-વિદેશમાં મંદિરના સંતો અને હરિભક્તો દ્વારા કરાતી સેવાની વાત પણ કરી હતી. સર્વજનહિતાય અને રાષ્ટ્રની પ્રગતિ કાજે મંદિર સદાય સેવા કાર્ય માટે તત્પર રહે છે તેવું પણ જણાવેલ.

ગોષ્ઠી દરમ્યાન શા. સ્વામી અક્ષરપ્રકાશદાસજીએ હિન્દુત્વની ગરિમા જાળવતા વિદેશોમાં પ્રસ્થાપિત કરેલા શ્રીસ્વામિનારાયણ મંદિરોની વિગતો આપતાં જણાવેલું કે વિદેશમાં માત્ર હિન્દુઓ જ નહીં પરંતુ ત્યાંની સ્થાનિક પ્રજાને પણ આ મંદિરો દ્વારા અનેક ક્ષેત્રોમાં ઉપયોગી યોગદાન પૂરું પાડવામાં આવે છે. ભારતીય પરંપરા અને હિન્દુ સંસ્કારોના જતન અને સંવર્ધનાર્થે વિદેશમાં મંદિરો દ્વારા થતી પ્રવૃત્તિઓની પણ વાત કરી હતી.

આ બધી વિગતોથી વાકેફ થતાં માનનીય શ્રી મોહન ભાગવતે વિનમ્રતાપૂર્વક પોતાના પ્રતિભાવ આપતાં જણાવેલું કે પોતે આવી પ્રવૃત્તિઓથી પ્રભાવિત થયા છે. સંતો માત્ર ધર્મ, ઉપાસના, મોક્ષ અને મોક્ષ પ્રાપ્તિની વાતો પૂરતા મર્યાદિત નથી તે વાતનો હર્ષ છે. ધર્મ સૌને જોડી રાખે છે તે વાતની પ્રતીતિ અહીં થઈ છે. આ સંપ્રદાય લોકોની સાથે રહીને લોકો માટે સમૂહમાં રહીને કાર્ય કરે છે. ઈશ્વરે પ્રકૃત્તિ દ્વારા આપણા પર મોટી મહેર કરી છે અને પ્રકૃત્તિનો મર્યાદામાં રહીને સદુપયોગ કરવાથી જ કલ્યાણ થાય છે. દુનિયા અર્થ માટે પુરુષાર્થ કરે છે જ્યારેઆ સંપ્રદાય માત્ર કમાણીમાં નહીં પરંતુ પ્રભાવ અને ચરિત્રમાં આગળ વધીને મોક્ષની પ્રવૃત્તિ છે અને મોક્ષની પ્રવૃત્તિ ધર્મસ્થાનો જ કરે છે. ભુજ મંદિરે 'વસુધૈવ કુટુંબકમ્' સાચા અર્થમાં આ ભારતીય વિચારને પ્રસ્તુત કરી આખા વિશ્વને કુટુંબ માની સૌને જોડી રાખવાનું કામ કરે છે. 'સંત' અને 'સંઘ' માં એક અક્ષરનો ફેર છે. સંઘ દ્વારા પણ રાષ્ટ્રહીતની પ્રવૃત્તિઓ થાય છે, સંત પણ આવી પ્રવૃતિ કરે છે ત્યારે આ પ્રવૃત્તિઓમાં તત્ત્વના દર્શન થાય છે. લોકોએ એ જરૂર સમજવું જોઈએ કે પોતે પ્રત્યક્ષ આવી પ્રવૃત્તિ ન કરી શકે તો સમર્થન તો અવશ્ય કરવું જોઈએ.

ગોષ્ઠીના અંતે મહંત સ્વામીએ શ્રી મોહન ભાગવતને ચાંદીનું સ્મૃતિ પ્રતિક (મોમેન્ટો) અર્પણ કરી તેમનું બહુમાન કરેલ. મહંત સ્વામી સાથે વડીલ સંતો અને કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજી, સ્વામી દિવ્યસ્વરૂપદાસજી, શા. સ્વામી અક્ષરપ્રિયદાસજી, સ્વામી ધર્મસ્વરૂપદાસજી આદિ સંતો ઉપરાંત શ્રી મૂળજીભાઈ શિયાણી, રાજેન્દ્રભાઈ દવે, ભરતભાઈ મહેતા આદિ હરિભક્તો તેમજ સ્વયંસેવક સંઘના કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા. વ્યવસ્થા કચ્છશ્રી નરનારાયણદેવ યુવક મંડળના સંતો

અને યુવકોએ સંભાળી હતી.

અહેવાલ :- ભરતભાઈ મહેતા

---

## ભુજ શ્રીસ્વામિનારાયણ મંદિરમાં તુલસીવિવાહ ધામધૂમથી ઉજવાયો

ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરે તા. ૨૪-૧૧-૧૫ના રોજ તુલસીવિવાહની ધામધૂમપૂર્વક ઉજવણી થઈ હતી. જેમાં મંડાપારોપણ, ગ્રહશાંતિ તેમજ વાજતે-ગાજતે ઠાકોરજીની શોભાયાત્રા નીકળી હતી.

મહંત સ.ગુ. પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી, સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, સ.ગુ. સ્વામી કેશવપ્રસાદદાસજી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદિ સંતોની આજ્ઞા તેમજ આશીર્વાદથી મંદિર મધ્યે સવારે ૯ વાગ્યે મંડપારોપણ તથા ૧૦ વાગ્યે ગ્રહશાંતિની વિધિ સંપન્ન થઈ હતી. સાંજે બન્ને યજમાનોના ઘરે ઠાકોરજી તેમજ મંદિરના બ્રહ્મનિષ્ઠ સંતોની પધરામણી બાદ ભાનુશાલીનગર, મુંદરા રોડથી હરિભક્તોએ સુશોભિત કરેલા સુંદર વાહનમાં ઠાકોરજીની શોભાયાત્રાનું પ્રસ્થાન થયું હતું. જે વાજતે-ગાજતે મંદિરે પહોંચી હતી. ત્યારબાદ હસ્તમેળાપ આદિ માંગલિક પ્રસંગોની ઉજવણી થઈ હતી.

ઉત્સવના યજમાનનો અલભ્ય લ્હાવો વરપક્ષ(ઠાકોરજી)ના ગામ સુખપર રોહા હાલે ભુજના પ.ભ. હિરાણી દિનેશ કેશરા, ધ.પ. કલ્પનાબેન, સુપુત્રી પ્રિયલ, યશ્વી, પિતાશ્રી કેશરા કરસન હિરાણી, માતુશ્રી અ.નિ માનબાઈ કેશરા, ભાઈ મનજીભાઈ કેશરા હિરાણી, ધ.પ. કોકીલાબેન મનજી, સુપુત્ર ભાવેશ મનજી, ધ.પ. નીનાબેન, સુપુત્ર વિમલ મનજી, ભાઈ રવજીભાઈ કેશરા હિરાણી, ધ.પ. શાંતાબેન આદિ પરિવાર તથા કન્યાપક્ષ (તુલસીમાતા)ના ગામ રાજકોટ હાલે ભુજના પ.ભ. ભુવા તુષાર ફુલાભાઈ, ધ.પ. દિપીકાબેન તુષાર, પિતાશ્રી ફુલાભાઈ વાલજીભાઈ ભુવા, માતુશ્રી રેખાબેન ફુલાભાઈ આદિ પરિવાર લીધો હતો.

આ પ્રસંગે મોટી સંખ્યામાં સત્સંગી હરિભક્તો, ધર્મપ્રેમીઓએ તુલસીવિવાહના દર્શનનો તથા ભોજનરૂપી પ્રસાદનો લાભ લીધો હતો કોઠારી સ્વામી દેવપ્રકાશદાસદજી તથા સ્વામી શાંતિસ્વરૂપદાસજીના માર્ગદર્શન હેઠળ સમગ્ર કાર્ય સંપન્ન થયું હતું.

---

## ભુજ મંદિરે નવા વર્ષથી જ દર્શનાર્થીઓની ભારે ભીડ

ભુજ મંદિરે દિવાળીથી કાર્તિક પૂર્ણિમા સુધી કચ્છમાં બહોળી સંખ્યામાં પ્રવાસીઓ આવતા હોય છે. નવા વર્ષના પ્રારંભે જ શ્રીસ્વામિનારાયણ મંદિરે ભાવિકો તથા પ્રવાસીઓનો ભારે ઘસારો રહેલ. નૂતન વર્ષના પ્રારંભથી જ દેવ દિવાળી સુધીમાં અંદાજીત રોજ સવારના નાસ્તો ચાર હજારથી વધારે ભાવિકો અને બપોરે ભોજન પ્રસાદમાં સાત હજાર તેમજ રાત્રે ભોજન કરનારની સંખ્યા ૮ થી ૧૦ હજારથી પણ વધી જતી હતી. આ રીતે દરરોજ હજારો દર્શનાર્થી યાત્રિકો કોઈ પણ ચાર્જ વિના પ્રસાદનો લાભ લીધો હતો. કચ્છમાં શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના તીર્થ સ્થાનોના દર્શન કરવા આવનાર યાત્રાળુઓના રહેવાની વ્યવસ્થા પણ મંદિર તરફથી કરવામાં આવતી. દર્શનાર્થિઓના ઘસારાને પહોંચી વળવા ભુજ મંદિરના દરેક ઉતારા ભવનો, ગુરુકુળો, સ્મૃતિ મંદિર વિગેરેમાં વ્યવસ્થા કરી આપવામાં આવેલ. તેમ છતાં ઘસારો હોવાથી યાત્રાળુઓની શ્રીનરનારાયણદેવ સભામંડપમાં રાત્રી નિવાસ કરવાની વ્યવસ્થા કરવી પડી હતી. પ્રવાસીઓના ઘસારાને ધ્યાન લઈને મંદિરમાં સફાઈ માટે ખાસ વ્યવસ્થા કરાઈ હતી. ધનતેરસથી કાર્તિક પૂર્ણિમા સુધી ભાવિકો તથા પ્રવાસીઓની ભારે ભીડના કારણે દરરોજ સાંજે મંદિર પરિસરમાં જાણે ઉત્સવ જેવો માહોલ રહેતો.

કચ્છનું નજરાણું, સંપ્રદાયનું અનોખું અદ્વિતીય ભુજ મંદિરના દર્શનની સંપ્રદાયના લોકો તો મુલાકાત લે જ છે પણ ભારતભરમાંથી લોકો આ મંદિરે આવી ધન્યતા અનુભવે છે અને રાજાધિરાજ શ્રીનરનારાયણદેવના કૃપાપાત્ર બને છે.

અહેવાલ :- પ્રાણલાલ ગોર

# આસો સુદ ૧૧ એકાદશીના દેવોના શિખર પરની ધ્વજાના યજમાનશ્રીઓ

- પ.ભ. કુમારી મયુરીબેન પ્રેમજી હીરાણી હ. પ્રેમજી લાલજી હીરાણી - રામપર હાલે વુલ્વીચ
- પ.ભ. ભરતભાઈ જેઠાલાલ વેકરીયા - નારણપર
- પ.ભ. પ્રેમબાઈ નારણ શીયાણી હ. સાં.યો. પુરબાઈ - ભક્તિનગર
- પ.ભ. નિતીનભાઈ નારણ ભુડીયા - સુખપર
- પ.ભ. પુરબાઈ દેવજી જેસાણી - બળદીયા
- પ.ભ. કાંતિલાલ વેલજી મેપાણી - બળદીયા
- પ.ભ. ચંદ્રકાન્તભાઈ શીવજી વાઘજીયાણી - મેઘપર
- પ.ભ. લાલજીભાઈ ધનજી ખેતાણી ધ.પ. વિજ્યાબેન, ધનજીભાઈ નારણ ખેતાણી ધ.પ. જશુબેન હ. સ્વામી ભક્તિવેદાંતદાસજી - સુખપર
- પ.ભ. નીતાબેન રાજેશ કેરાઈ - નારણપર
- પ.ભ. દિનેશભાઈ કુંવરજીભાઈ રાબડીયા - વાડાસર
- પ.ભ. રાધિકાબેન દિપક રાબડીયા - વાડાસર
- પ.ભ. જીતેશભાઈ શીવજી ગોરસીયા - સુખપર
- પ.ભ. દેવશીભાઈ કેશરા જેસાણી ધ.પ. નાનબાઈ સહપરિવાર - મદનપુર
- પ.ભ. હર્ષિલભાઈ દિલીપ હાલાઈ - સામત્રા
- પ.ભ. મનિષાબેન રમેશ હિરાણી મહંત સાં.યો. સામબાઈ ફઈની પ્રેરણાથી - મીરજાપર
- પ.ભ. લાલજીભાઈ જીણા વાઘજીયાણી - સુખપર
- પ.ભ. મનજીભાઈ હીરજી વેકરીયા હ. લીલાબેન મનજી - નારણપર ની.વા.
- પ.ભ. ગોપી પ્રવિણભાઈ જાદવા કેરાઈ - નારણપર
- પ.ભ. નાનબાઈ દેવરાજી મુળજી હીરાણી - ભારાસર
- પ.ભ. રામજીભાઈ હરજી ખેતાણી - સુખપર
- પ.ભ. સુરેશભાઈ ધનજી મુળજી હાલાઈ - કેરા હાલે કંપાલા
- પ.ભ. કાનબાઈ હરજી કાબરીયા - ગોડપર
- પ.ભ. ખીમજીભાઈ વેલજી પિંડોરીયા- નારણપર ઉ.વા.
- પ.ભ. પરેશભાઈ પરબત પિંડોરીયા - સુરજપર
- પ.ભ. જેઠાલાલ લાલજી પિંડોરીયા હ. લાલજી હરજી - સામત્રા
- પ.ભ. લાલજીભાઈ હરજી પિંડોરીયા - સામત્રા
- પ.ભ. ગોપાલભાઈ વિશ્રામ હીરાણી - નારણપર
- પ.ભ. અરજણભાઈ હીરજી અજાણી - દહીંસરા
- પ.ભ. રવજીભાઈ દેવશી મેપાણી - સુરજપર
- પ.ભ. કાન્તાબેન રવજી ભુડીયા - ફોટડી
- પ.ભ. ભાવિકભાઈ સુરેશ કેરાઈ - કેરા
- પ.ભ. કિશોરભાઈ મનજી સેંઘાણી - નારણપર
- પ.ભ. લાલજીભાઈ કુંવરજી મેપાણી - સુખપર
- પ.ભ. હંસાબેન હરીશ હીરાણી - સુખપર રોહા હાલે વુલ્વીચ
- પ.ભ. માવજીભાઈ આણંદા કેરાઈ - રામપર
- પ.ભ. ગોપાલભાઈ કરસન કેરાઈ હ. સાં.યો. નીતાબાઈ - નારણપર
- પ.ભ. મંજુલાબેન દેવજી કેરાઈ - મીરજાપર
- પ.ભ. વિજયભાઈ લીલાધર સચદે - માંડવી
- અ.નિ. સાં.યો. દેવબાઈ કરસન વેકરીયા હ. મહંત સાં.યો. સામબાઈ - મીરજાપર
- પ.ભ. શામજીભાઈ મુળજી રૂપાલીયા - મદનપુર
- પ.ભ. કરસનભાઈ હાલાઈને શરીરે સારું થઈ જાય હ. પ્રવીણ અરજણ કાબરીયા - ગોડપર
- પ.ભ. નંદલાલભાઈ પુંજાલાલ જાદવ - ભુજ
- પ.ભ. પરેશભાઈ શાંતિલાલ ભંડેરી - રામપર હાલે લંડન
- પ.ભ. હરીશભાઈ શાંતિલાલ ભંડેરી - રામપર હાલે નૈરોબી
- પ.ભ. રિધ્ધિબેનના જન્મદિવસ નિમિત્તે હ. ધનબાઈ અરવિંદ રાબડીયા - માંડવી
- પ.ભ. જાનકીબેન હરીશ વેલાણી - મીરજાપર
- પ.ભ. નારણભાઈ નાનજી ભુડીયા ધ.પ. કાનબાઈ - ભક્તિનગર
- પ.ભ. જયશ્રીબેન મેઘજી શીયાણી - કોડકી

- પ.ભ. હીરજીભાઈ મુળજી કાબરીયા હ. સાં.યો. નીતાબેન -ગોડપર
- પ.ભ. શામબાઈ લખમણ રાબડીયા - ભારાપર માંડવી
- પ.ભ. કેશરાભાઈ નારણ પાધરા - મદનપુર
- પ.ભ. રક્ષાબેન પ્રેમજી હાલાઈ હ. સુત રૂપેશ તથા કૃપેશ - કોડકી
- પ.ભ. કાનજીભાઈ નારણ ભુડીયા સહપરિવાર - ભક્તિનગર
- પ.ભ. અ.નિ. શામજીભાઈ જીણા વેકરીયા હ. સાં.યો. અનિતાબાઈ - નારણપર ની.વા.
- પ.ભ. જાદવાભાઈ ધનજી સેંઘાણી - નારણપર ની.વા.
- પ.ભ. અક્ષીબેન જાદવા ધનજી સેંઘાણી - નારણપર ની.વા.
- પ.ભ. નિશાબેન નિલેશ હીરાણી હ. મનજી કલ્યાણ - મીરજાપર
- પ.ભ. કાન્તાબેન નારણ ભુડીયા હ. સાં.યો. નીતાબેન - ભક્તિનગર
- પ.ભ. કાનબાઈ ભીમજી હીરાણી હ. સાં.યો. નીતાબેન - ભક્તિનગર
- પ.ભ. રાજેશભાઈ ઘનશ્યામ મેપાણી - કેરા
- પ.ભ. નારણભાઈ કુરજી હાલાઈ - મદનપુર
- પ.ભ. નિલેશભાઈ ધીરજલાલ પટેલ - ભુજ
- પ.ભ. ઉર્વશીબેન રમેશ હાલાઈ - માધાપર
- પ.ભ. દિલીપભાઈ ધનજીભાઈ ટાંક - દુર્ગ છતીશગઢ

## શ્રી નરનારાયણદેવને રસોડું અર્પણ કરનાર દાતાશ્રીઓ

- પ.ભ. ધનબાઈ ઝીણા ગોરસીયા - સુખપર
- પ.ભ. શાન્તાબેન દેવશી હીરાણી - બળદીયા હાલે નૈરોબી
- પ.ભ. અમરબાઈ રવજી વેકરીયા હ. સાં.યો. નાનબાઈ - કેરા હાલે લંડન
- પ.ભ. રાધાબાઈ જાદવા વેકરીયા હ. સાં.યો. નાનબાઈ - કેરા હાલે લંડન
- પ.ભ. અમરબાઈ પ્રેમજી હાલાઈ હ. સાં.યો. નીતાબેન -ગોડપર
- પ.ભ. અ.નિ. વિશ્રામ રામજી ભગત હ. સાં.યો. નીતાબેન - માનકુવા
- પ.ભ. અ.નિ. કાનબાઈ વેલજી ભુડીયા હસ્તે સુપુત્ર પ્રેમજી વેલજી ભુડીયા હ. સાં.યો. નીતાબાઈ
- પ.ભ. મેઘબાઈ મનજી ભુડીયા હ. શીવજીભાઈ પુંજાણી - ભક્તિનગર
- પ.ભ. દેવરાજ રવજી શિયાણી - ભક્તિનગર

## :: અક્ષરવાસ ::

- સંસારમાં રહીને એક સાચા સાધક જેવું જીવનજીવી પરિવારના સભ્યો તેમજ સ્નેહીજનોને શ્રીસ્વામિનારાયણ ભગવાન વિષયક ભક્તિમાં જોડનારા ગામ ગોડપરના વાલબાઈ ખીમજી કાબરીયા, ઉ. વર્ષ ૯૨ એ શ્રીજી મહારાજનું સતત સ્મરણ કરી તા. ૧૨-૧૧-૨૦૧૫ના અક્ષરવાસી થયા છે. સમર્પણ સાથે ભક્તિ કરનાર વાલબાઈએ એક સુપુત્રને ભુજ મંદિરમાં સંત તરીકે સમર્પિત કરેલ છે. શ્રીહરિ આ દિવ્યાત્માને પોતાની નિશ્રામાં રાખી ચરણકમળનું સુખ આપે એજ પ્રાર્થના.
- માનકુવા નવોવાસ સાંખ્યયોગી વાલબાઈ ભીમજી પૂંજાણી તા. ૨-૮-૨૦૧૫ રવિવારે ધામમાં ગયેલ છે.
- ગામ માનુકુવાના પ.ભ. કાનબાઈ વેલજી મુળજી ભુડીયા ઉ.વ. ૧૦૭ વર્ષની વયે ધામમાં ગયેલ છે.
- ગામ માનકુવાના પ.ભ. ધનબાઈ દેવરાજ શિયાણી ઉ.વ. ૬૦ તા. ૮-૧૦-૨૦૧૫ના ધામમાં ગયેલ છે.
- મુળજીભાઈ વિશ્રામ પિંડોરીયા, લંડનમાં ધામમાં ગયેલ છે. આ સર્વે અક્ષરનિવાસી આત્માઓને શ્રીહરિ પોતાના ચરણકમળની સેવામાં સ્થાન આપે અને કુટુંબ પરિવારને દુઃખ સહન કરવાની શક્તિ આપે એજ શ્રીજી મહારાજના ચરણોમાં પ્રાર્થના.

# સત્સંગ સમાચાર

## અંજાર મંદિરે દિવાળી તથા અન્નકૂટ ઉત્સવ ઉજવાયો

અંજાર સવાસર નાકે આવેલું ઐતિહાસિક શહેર મધ્યે આવેલ શ્રીસ્વામિનારાયણ મંદિરે કાળીચૌદશના રોજ શ્રીહનુમાનજી મહારાજનું સંધ્યાકાળે ભૂદેવ દ્વારા શાસ્ત્રોક્ત વિધિથી પૂજન કરવામાં આવેલ. ધનતેરસથી દિવાળી દરમ્યાન મંદિરના ચોકમાં મોટી રંગોળી તથા ગઢપુરમાં લીમડા નીચે શ્રીસ્વામિનારાયણ ભગવાન બેસીને સભા ભરતાં તેવાં દૃશ્ય મંદિરના ચોકમાં આબેહૂબ દર્શન આપતા શ્રીઘનશ્યામ મહારાજના દર્શન હજારો લોકોએ કરેલ અને ચારે દિવસ મંદિરના ચોકમાં રાત્રી દરમ્યાન દીવાઓ તેમજ ઈલેક્ટ્રીક લાઈટથી રોશનીથી મંદિર શણગારવામાં આવેલ. દિવાળીને દિવસે દીપોત્સવ ઉજવવામાં આવેલ. અને નૂતન વર્ષે બેસતાં વર્ષે ગોવર્ધનપૂજા તથા શ્રીઘનશ્યામ મહારાજ, શ્રીસહજાનંદ સ્વામી અને શ્રીરાધાકૃષ્ણદેવ આગળ મહાઅન્નકૂટ ધરાવવામાં આવેલ. જેમાં સ્વામી પુરુષોત્તમદાસજી, શાસ્ત્રી સ્વામી ભક્તવત્સલદાસજી, સ્વામી જયહરિદાસજી, સ્વામી ન્યાલકરણદાસજી, સ્વામી પુરુષોત્તમચરણદાસજી, શાસ્ત્રી સ્વામી શ્યામકૃષ્ણદાસજી, વિદ્યાર્થી સંતો પાકશાળામાં અન્નકૂટ બનાવેલ અને અન્નકૂટના યજમાન વાલજીભાઈ કાનજી હીરાણી, નાગલપર હાલ મેરુ-કેન્યાવાળા રહ્યા હતા. અન્નકુટની આરતી અંજાર મંદિરના મહંત સ્વામી નિરન્નમુક્તદાસજી સાથે યજમાન પરિવારે ઉતારી હતી. જેના દર્શનનો લાભ હજારો હરિભક્તોએ લીધો હતો. કોઠારી સ્વામી હરિમુકુંદદાસજીતથા મહંત સ્વામી નિરન્નમુક્તદાસજીની નજર હેઠળ અન્નકૂટોત્સવ ઉજવાયા હતા.

-અંજાર મંદિરે ધૂન, મહાઆરતી તથા તુલસી વિવાહ :-

મંદિરમાં તા. ૧૫-૧૧-૧૫ના રોજ મહાઆરતી કરવામાં આવી હતી. જેના યજમાન ભાવેશભાઈ કલ્પેશભાઈ બલદાણીયા સોરઠીયા પરિવાર રહ્યા હતા. જે આશાબેનના લગ્ન નિમિત્તે ધૂન, મહાઆરતી કરવામાં આવી હતી. જેમાં સારી સંખ્યામાં હરિભક્તોએ લાભ લીધો હતો અને ભુજ મંદિરેથી સ્વામી શ્રીજીનંદનદાસજી, સ્વામી વ્રજવિહારીદાસજી, સ્વામી કૃષ્ણવલ્લભદાસજી પધાર્યા હતા તથા માંડવી મંદિરેથી સ્વામી ભક્તિપ્રિયદાસજી, સ્વામી કૃષ્ણવિહારીદાસજી, સ્વામી શ્રીરંગદાસજી પધાર્યા હતા. સ્વામી ભક્તિપ્રિયદાસજી અને સ્વામી મહાપુરુષદાસજીએ યજમાન પરિવારોને આશીર્વાદ આપીને બહુમાન કર્યું હતું. સંગીતમય ધૂન તથા મહાઆરતીમાં ભુજથી પધારેલ સ્વામી શ્રીજીનંદનદાસજી તથા સ્વામી વ્રજવિહારીદાસજીએ રમઝટ બોલાવીને હરિભક્તોને ખુશ કરી દીધા હતા.

**તા. ૨૨-૧૧-૧૫ રવિવારના મહાપૂજા તથા તુલસીવિવાહ :-** અંજાર મંદિરે તા. ૨૨-૧૧-૧૫ રવિવારના પ્રબોધિની એકાદશીના દિને સવારે સભામંડપમાં મહાપૂજા રાખવામાં આવી હતી. જેમાં સભામંડપમાં ભાઈઓ તથા બહેનોના વિભાગમાં બહેનોએ બેસીને મહાપૂજા કરેલ જેમાં શાસ્ત્રોક્તવિધિ સ્વામી ઈશ્વરસ્વરૂપદાસજી તથા પુરાણી સ્વામી ધર્મકિશોરદાસજીએ પૂજાવિધિ કરાવેલ.

તુલસી વિવાહ નિમિત્તે સવારે ૮:૦૦ વાગ્યે ગણેશ સ્થાપન કરવામાં આવેલ. માંડવો રોપવામાં આવેલ તથા બપોરે ૪:૦૦ વાગ્યે મંદિરેથી લાલજી મહારાજ તથા તુલસીબાઈની શોભાયાત્રાનું આયોજન થયું. તે શોભાયાત્રા અંજાર નગરના મુખ્ય રસ્તાઓ પર બેન્ડપાર્ટીની સૂરાવલી સંગીત સાથે હજારો ભાઈ-બહેનો સાથે જોડાયા હતા. જેમાં સંતો પણ શોભાયાત્રામાં હાજર રહીને શોભામાં અભિવૃધ્ધિ કરી હતી. અને સાંજના

૬:૦૦ વાગે શોભાયાત્રા પરત ફરીને તુલસીબાઈના તથા લાલજી મહારાજના લગ્નવિધિ, હસ્તમેળાપ, ફેરા મંદિરના ગોર યોગેશ મારાજ દ્વારા કરવામાં આવેલ. તુલસીવિવાહના યજમાનશ્રી લાલજી મહારાજના યજમાન સરસ્વતીબેન ગોપાલજી ચૌહાણ (મિસ્ત્રી પરિવાર), નાગલપરના તથા સગા સંબંધી મુંબઈવાળા યજમાન તથા તુલસીબાઈના યજમાન નિર્મળાબેન કિશોરભાઈ દિવાણી પરિવાર, અંજાર રહ્યા હતા અને ધામધૂમથી તુલસીવિવાહ ઉજવવામાં આવ્યો.

અહેવાલ :- રમણીક વી. સોલંકી, અંજાર

---

## અન્નકૂટ દર્શન, માંડવી

માંડવી શ્રીસ્વામિનારાયણ મંદિરમાં સંવત ૨૦૭૨ના નવા વર્ષના શુભારંભે શ્રીવૃંદાવનવિહારી હરિકૃષ્ણ મહારાજ તેમજ શ્રીઘનશ્યામ મહારાજના સન્મુખ છપ્પન પ્રકારના પકવાન, વ્યંજન, ફરસાણ અને મીઠાઈઓનો અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. અન્નકૂટ બનાવવામાં સંતો તથા સાં.યો. બહેનો, સત્સંગી ભાઈઓ-બહેનો સેવા આપી હતી. દિવાળીના દિવસે મંદિર દીવડાઓથી શણગારવામાં આવ્યું હતું. નવા વર્ષના પ્રારંભે સવારના મંગળા આરતી બાદ સત્સંગ સભા રાખવામાં આવેલ. ત્યારબાદ સંતો-ભક્તો પરસ્પર મળ્યા હતા. ત્યારપછી ૯:૦૦ વાગ્યે અન્નકૂટની આરતી માંડવીના મહંત સ.ગુ. સ્વામી દેવકૃષ્ણદાસજી તથા પુ. સ્વામી શ્રીહરિદાસજી આદિ સંતો તથા યજમાનશ્રીઓના વરદ્‌હસ્તે કરવામાં આવી હતી.

અન્નકૂટના દર્શનાર્થે સવારથી હજારો હરિભક્તો ભાઈ-બહેનો તથા યુવાનોની ભીડ જામી હતી. સાંજે ૫:૦૦ વાગ્યે અન્નકૂટ વિરામની આરતી કરવામાં આવી હતી.

ભાઈબીજના દિવસે માંડવી ચારે કાંધા તથા ગોધરા વાડી વિસ્તાર તથા શહેરમાં રહેતા દરેક ભક્તોના ઘેર ઘેર અન્નકૂટ પ્રસાદ આપવામાં આવ્યો હતો.

અહેવાલ :- શા. સ્વામી ભક્તિપ્રિયદાસજી

---

## સુખપરમાં ઉજવાયો અન્નકૂટ અને તુલસીવિવાહ મહોત્સવ

શ્રીસ્વામિનારાયણ મંદિર, સુખપર મધ્યે તા. ૧૦-૧૧-૧૫ના કાળીચૌદશને દિવસે શ્રીહનુમાનજીનું પૂજન કરવામાં આવ્યું હતું. તા. ૧૧-૧૧-૧૫ના દિવાળીના પર્વ દિવસે લક્ષ્મીજી તેમજ ચોપડા પૂજન કરેલ. તા. ૧૨-૧૧-૧૫ના રોજ નૂતન વર્ષાભિનંદનના દિવસે સવારે મંગળા આરતી બાદ શ્રીઠાકોરજી આગળ કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક મંડળના યુવાનો-યુવતીઓ તેમજ સાં.યો. બહેનો દ્વારા તૈયાર કરાયેલ મીઠાઈઓ, ફરસાણો, પકવાનો, વિવિધ ફળો વગેરે અન્નકૂટ ભાઈઓ-બહેનોના બંને મંદિરમાં ધરાવી આરતી ઉતારવામાં આવી અને આરતીમાં સૌ હરિભક્તો, યુવાનો, બાળકો, તેમજ બહેનો હરિભક્તોએ આ દર્શનનો લ્હાવો લીધો હતો. ત્યારબાદ સૌ હરિભક્તોએ પ્રસાદનો લાભ લઈ સૌ હરિભક્તો સૌને પરસ્પર મળી જય શ્રી સ્વામિનારાયણ કહ્યા હતા. આ મહોત્સવો દરમ્યાન મંદિરને લાઈટોથી શણગારવામાં આવેલ તેથી મંદિર રોશનીથી ઝળહળી રહ્યું હતું.

તા. ૨૨-૧૧-૧૫ના રોજ પ્રબોધિની એકાદશીના દિવસે તુલસીવિવાહનો પ્રારંભ થતાં શ્રીઠાકોરજી આગળ હાટડી બનાવવામાં આવેલ. અને બપોરના ૪:૦૦ વાગ્યે તુલસીબાઈની શોભાયાત્રા કાઢવામાં આવેલ. આ શોભાયાત્રામાં સુખપર, મદનપુર અને નરનારાયણનગરના યુવાનો તેમજ વડીલો વાજિંત્ર મંડળીઓ સાથે જોડાઈ ભગવાનના નામ સ્મરણ, કીર્તન, ધૂન સાથે શોભાયાત્રાની શોભા વધારી હતી. સૌ ભાઈઓ, બહેનો, વડીલો તેમજ બાળકો આ શોભાયાત્રા નિહાળી આનંદ વ્યક્ત કરેલ. આ શોભાયાત્રા વાજતે-ગાજતે ગામમાં ફરી મંદિરમાં પહોંચી હતી.

આ દિવસે સાંજે મંદિરમાં માંડવો રોપી તુલસીબાઈના લગ્ન ધામધૂમથી ઉજવવામાં આવેલ. આ દર્શનનો લાભ સૌ હરિભક્તોએ લીધો હતો.

અહેવાલ :- કિશોર આર. પિંડોરીયા, સુખપર

---

## મુબંઈ સત્સંગ સભા

કચ્છનો સત્સંગ દેશ-વિદેશમાં વિકસતો જ રહ્યો છે. કચ્છના લોકો તેમાં પણ ખાસ કરીને કચ્છ વાગડના ભક્તો ધંધા માટે મુંબઈ જેવી નગરીમાં રહીને સત્સંગ કરે છે. આયારોલી તેમ જ ચારકોપ-ગોરાઈમાં મહાસભા રાખેલી તેમાં વિદુરનીતિની કથા શા. સ્વામી કૃષ્ણસ્વરૂપદસજી પોતાની સુમધુર શૈલીમાં સર્વે ભક્તોને લાભાન્વિત કર્યા હતા. મુંબઈમાં ભુજ મંદિર હેઠળ કચ્છની ૨૪ સભાઓ યુવાનો પોતાની શક્તિ અનુસારે કરે છે અને સંતો ભુજ મંદિર દ્વારા તેમને પ્રોત્સાહન પૂરું પાડવામાં આવે છે.

---

## શ્રીઘનશ્યામ એકેડમી, નારણપરના આંગણે દાદા-દાદી દિવસની ઉજવણી

તા. ૬-૧૧-૨૦૧૫ના રોજ શ્રી ઘનશ્યામ એકેડમી (C.B.S.E.) નારણપરના આંગણે વિદ્યાર્થીઓ રમતોત્સવની સાથે સાથે દાદા દાદી દિવસનું આયોજન કરવામાં આવ્યું હતું. મનની હિચકિચાટ દૂર કરી પોતાના બાળપણના દિવસોને યાદ કરવા માટે ધોરણ : ૧ અને ૨ તથા એલ.કે. જી. અને યુ.કે.જી.માં અભ્યાસ કરતા બાળકોનાં દાદા દાદીએ અલગ અલગ સ્પર્ધામાં ભાગ લઈ બાળકોનો ઉત્સાહ વધાર્યો હતો.

બાળકો અને દાદા દાદી વચ્ચેનો તૂટતો સેતુ હંમેશને માટે જોડી રાખવા તથા બાળકો તથા સહપરિવારમાં રહેવાનાં મહત્ત્વને સમજે આ ઉદેશથી આ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ દિવસે સંગીત ખુરશી, લીંબુ ચમચી, દોડ વગેરે સ્પર્ધાઓ રાખવામાં આવી હતી. સ્પર્ધામાં જીતેલા બાળકો તથા દાદા દાદી ને સંસ્થા તરફથી પુરસ્કાર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ બદલાતા જમાનામાં બાળકો તથા દાદા દાદી વચ્ચે લાગણીનાં સંબંધો બંધાય એ ધ્યેયથી સંસ્થાના સંચાલક સ્વામી નારાયણવલ્લભદાસજી, સ્વામી ધર્મચરણદાસજી, સ્વામી ઘનશ્યામકેશવદાસજી, સ્વામી દિવ્યપ્રકાશદાસજી તથા ટ્રસ્ટીશ્રી અરજણભાઈ ગાજપરીયા, રત્નાભાઈ કેરાઈ, શીવજીભાઈ વેકરીયા, મુકેશભાઈ વેકરીયા તેમજ શાળાના આચાર્યશ્રી જીતેન્દ્રભાઈ ખેમચંદજીના માર્ગદર્શનથી આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની વ્યવસ્થા શાળાનાં શિક્ષકો તથા સંચાલન શિક્ષિકા શ્રીમતિ મંજુલાબેન કાબરીયા તથા શિક્ષિકા કાન્તાબેન હીરાણીએ કર્યું હતું.

અહેવાલ :- આચાર્યશ્રી જીતેન્દ્રભાઈ ખેમચંદજી

---

## કર્ણાટક બેંગ્લોરમાં ઉજવાયો ભવ્યાતિ ભવ્ય અન્નકૂટ મહોત્સવ

શ્રી સ્વામિનારાયણ મંદિર - ભુજના શા. સ્વામી શુકમુનિદાસજી અને શા. સ્વામી અક્ષરમુનિદાસજી છેલ્લા સાતેક વર્ષથી કર્ણાટક સંસ્કૃત યુનિવર્સીટી - બેંગ્લોરમાં સંસ્કૃતનો ઉચ્ચ અભ્યાસ કરી રહ્યા છે. સાથે સાથે સત્સંગની પ્રવૃત્તિઓ કરી સંપ્રદાયનો પ્રચાર અને પ્રસાર કરી સમાજોત્થાનનું અદ્‌ભુત કાર્ય કરી રહ્યા છે.

તા. :- ૧૧/૧૧/૨૦૧૫; બુધવાર; દિવાળીના સાંજે ૭:૩૦ થી ૯:૦૦ સુધી વિધિવત્ લક્ષ્મીપૂજન - ચોપડાપૂજનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં ૧૭૦ જેટલા હરિભક્તોએ પૂજનનો લાભ લીધો હતો.

તા. :- ૧૨/૧૧/૨૦૧૫, ગુરુવાર; કારતક સુદ - ૧ (પડવા)ના શુભ દિવસે વહેલી સવારથી જ બેંગ્લોરના બહેનો ભગવાનની આગળ અન્નકૂટ ધરવા માટે વિવિધ પ્રકારની વાનગીઓ બનાવીને લાવ્યાં હતાં. તીર્થધામ ભુજનગર નિવાસી ભગવાન શ્રી નરનારાયણદેવ, શ્રી ઘનશ્યામ મહારાજ અને શ્રી રાધાકૃષ્ણદેવની આગળ અન્નકૂટ ગોઠવવામાં આવ્યો હતો. જેમાં ૩૦૦થી પણ વધારે અલગ - અલગ વાનગીઓના થાળ ભગવાનને ધરવામાં આવ્યા હતા. બરાબર ૧૧ વાગ્યે અન્નકૂટની આરતી ઉતારી દર્શન ખૂલ્લાં મૂકવામાં આવ્યાં હતાં.

આરતી થયા બાદ શા. સ્વામી અક્ષરમુનિદાસજીએ ભાગવત અંતર્ગત ગોવર્ધન મહોત્સવની કથા સંભળાવીને શ્રોતાજનોને ભક્તિરસમાં

તરબોળ કર્યા હતા. શા. સ્વામી શુકમુનિદાસજીએ જણાવ્યું હતું કે નૂતનવર્ષનો શુભારંભ થઈ રહ્યો છે, તેથી જુના વેર-ઝેર ભૂલી પ્રેમ ભર્યું નવું જીવન જીવવાની શરુઆત કરવી જોઈએ. સભા સમાપ્તિ વેળાએ અન્નકૂટની મહાઆરતી કરવામાં આવી હતી. પધારેલા ૪૫૦ થી પણ વધારે હરિભક્તોએ હાથમાં દીપ પ્રગટાવીને અન્નકૂટની આરતી ઉતારી પોતાના માનવ જન્મને સફળ બનાવ્યો હતો.

ત્યારબાદ અન્નકૂટના પ્રસાદ રૂપે ભોજનની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી. સમગ્ર મહોત્સવના યજમાન પદે ગામ પ્રાગપરના મયુરભાઈ વસ્તા વૈદ તથા પદમપરના બેચરાભાઈ વીરા મોર રહ્યા હતા. શ્રી કચ્છ વાગડ લેઉવા પાટીદાર સમાજ ચેરિટેબલ ટ્રસ્ટ - બેંગ્લોરના પ્રમુખશ્રી રામજીભાઈ રાવરીયા તથા સૌ જ્ઞાતિજનોનો પુરેપૂરો સાથ સહકાર મળ્યો હતો.

અહેવાલ :- રમેશભાઈ ચાંબરીયા, બેંગ્લોર

---

## શ્રી સ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિર, ભુજની અન્ડર-૧૭, અન્ડર-૧૯ એથ્લેટિક્સમાં રાજ્ય કક્ષાએ ધમાકેદાર જીત

યુવા રમત-ગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ, ગાંધીનગર દ્વારા યોજવામાં આવેલ રમત-ગમત પ્રવૃત્તિમાં કચ્છ જિલ્લાની શ્રી સ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિર શાળાની વિદ્યાર્થિનીઓએ દેવગઢ બારિયા ખાતે યોજાયેલ અન્ડર-૧૭, અન્ડર-૧૯ એથ્લેટિક્સ સ્પર્ધામાં ભાગ લીધો હતો. જેમાં રાજ્ય કક્ષાએ ઝળહળતી સફળતા મેળવી હતી.

આ એથ્લેટિક્સમાં વરસાણી નનીતા હરજીભાઈ - ૧૦૦મી વિઘ્નદોડમાં પ્રથમ(U-19), વેકરીયા પૂનમ કલ્યાણ - ગોળાફેંક, પ્રથમ (U-17), હાલાઈ પ્રેમીલા રામજીભાઈ - ઝલદચાલ પ્રથમ(U-19), ગોરસીયા ક્રિષ્ના હીરજીભાઈ - ઝલદચાલ પ્રથમ(U-17), વરસાણી નનીતા હરજીભાઈ, વેકરીયા ડિમ્પલ રવજીભાઈ, વરસાણી પ્રીતિ રવજીભાઈ ૪×૧૦૦ મી. રીલે દ્વિતીય(U-19), વરસાણી નનીતા હરજીભાઈ, વેકરીયા ડિમ્પલ રવજીભાઈ, વરસાણી પ્રીતિ રવજીભાઈ, ગોરસીયા દક્ષા હરજીભાઈ ૪×૪૦૦ મી. રીલે દ્વિતીય(U-19), કેરાઈ હસ્મિતા મનજીભાઈ - લંગડીફાડ કૂદ (U-17) દ્વિતીય, દબાસીયા હસ્તી મનજીભાઈ ૩૦૦૦ મી. દોડ દ્વિતીય (U-17), વરસાણી નનીતા મનજીભાઈ ૫૦૦૦મી. દોડ તૃતીય (U-19), વરસાણી પ્રીતિ રવજીભાઈ ૪૦૦મી. વિઘ્ન દ્વિતીય (U-19), ભુવા મનીષા કરસનભાઈ, કેરાઈ હસ્મિતા મનજીભાઈ, દબાસીયા હસ્તિ મનજીભાઈ ૪×૪૦૦ મી. રીલે તૃતીય(U-17) રહી હતી.

શાળાની વિદ્યાર્થિનીઓએ મેળવેલી આ સિધ્ધિ બદલ શ્રીસ્વામિનારાયણ મંદિર ભુજના પૂ. મહંત સ્વામી ધર્મનંદનદાસજી, સમગ્ર સંતવૃંદ તેમજ સંસ્થાના પ્રમુખશ્રી વિશ્રામભાઈ દબાસીયા સમગ્ર ટ્રસ્ટ મંડળ, શાળાના આચાર્યાશ્રી તથા સ્ટાફગણે વિદ્યાર્થિનીઓ અને વ્યાયામ શિક્ષિકાને અભિનંદન પાઠવ્યા હતા. તેમજ વિદ્યાર્થિનીઓ રમત ગમત ક્ષેત્ર આવી સોનેરી સિધ્ધિઓ હાંસલ કરતી રહે તેવી શુભેચ્છા પાઠવી હતી.

અહેવાલ :- આચાર્યાશ્રી

---


**ધર્મ સંદેશના ગ્રાહક બનો અને બનાવો.**

દેશમાં — આજીવન સભ્ય રૂા. ૫૦૧/- ; વાર્ષિક સભ્ય રૂા. ૫૧/-

વિદેશમાં — આજીવન સભ્ય રૂા. ૬૦૦૧/- ; વાર્ષિક સભ્ય રૂા. ૧૦૦૧/-

**સત્સંગ સમાચાર મોકલાવો તેની સાથે પ્રસંગોના ફોટાઓ પણ અવશ્ય મોકલાવશો.**

# વિદેશ સમાચાર



## વાર્ષિક સભા શ્રી પૂ. આ. સ. સ્વામિનારાયણ મંદિર, નાઈરોબી

શ્રી પૂ.આ. સ્વામિનારાયણ મંદિરની વાર્ષિક જાહેર સભા શનિવાર તા. ૨૧-૧૧-૨૦૧૫ના રોજ સાંજના મંદિરના ડાયનિંગ હોલમાં બોલાવવામાં આવેલ હતી. અધ્યક્ષશ્રી પ.ભ. લક્ષ્મણભાઈ ભીમજી રાઘવાણીના આદેશ સાથે સભાનું કાર્ય શરું કરવામાં આવેલ. મંત્રીશ્રીએ ગત વાર્ષિક સભાની નોંધનું વાંચન કરેલ અને ૨૦૧૪-૨૦૧૫ નો વાર્ષિક અહેવાલ વાંચી સંભળાવેલ. ત્યારબાદ ખજાનચીશ્રી વિશ્રામભાઈ નાથાલાલ ભંડેરીએ ૨૦૧૪નો વાર્ષિક આવક-જાવક હિસાબ સભા સમક્ષ વાંચી સંભળાવેલ હતો. ત્યારબાદ વિદાય લેતી સમિતિએ કરેલ મંદિરની પ્રવૃત્તિઓને ધ્યાનમાં રાખી તન,મન અને ધનથી કરવામાં આવેલ સેવા બદલ અધ્યક્ષ પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરવામાં આવેલ અને જૂની સમિતિને બરખાસ્ત કરી સન ૨૦૧૫-૨૦૧૬ના વર્ષ માટે નવી કારોબારી સમિતિની રચના સર્વે હરિભક્તોની ઈચ્છા અનુસાર સર્વાનુમતે કરવામાં આવેલ જે નીચે પ્રમાણે છે.

અધ્યક્ષ પ.ભ. મનજીભાઈ કાનજી રાઘવાણી - બળદીયા, સહ અધ્યક્ષ પ.ભ. કાન્તિલાલભાઈ નારણ કેરાઈ - બળદીયા, મંત્રીશ્રી પ.ભ. ભીખાલાલ વેલજી ગોરસીયા - સુખપર, સહમંત્રીશ્રી પ.ભ. વીરજીભાઈ વેલજી આસાણી - વેકરા, સહમંત્રીશ્રી પ.ભ. અરવિંદભાઈ નારણ ભુડીયા - સુખપર, ખજાનચીશ્રી પ.ભ. વિશ્રામભાઈ નાથા ભંડેરી - વેકરા, સહ ખજાનચીશ્રી પ.ભ. દિનેશભાઈ ધનજી વરસાણી - સામત્રા, સહખજાનચીશ્રી પ.ભ. ધનજીભાઈ લક્ષ્મણ રાઘવાણી - બળદીયા, કોઠારીશ્રી પ.ભ. વિશ્રામભાઈ પ્રેમજી દબાસીયા - કોડકી, સહકોઠારીશ્રી પ.ભ. જેઠાલાલભાઈ વાઘજી વરસાણી - સામત્રા, સહકોઠારીશ્રી પ.ભ. હીરજીભાઈ મનજી કારા - માંડવી, ઓડિટર પ.ભ. બાબુભાઈ હિરાણી - કોડકી, સભ્યશ્રીઓ પ.ભ. પરબતભાઈ પ્રેમજી રાજાણી - રામપર, પ.ભ. લાલજીભાઈ દેવશી ગરારા - બળદીયા, પ.ભ. મેઘજીભાઈ કરસન વરસાણી - સામત્રા, પ.ભ. હરીશભાઈ સોની - નાઈરોબી, પ.ભ. હરિકૃષ્ણભાઈ પીઠડીયા - નાઈરોબી, પ.ભ. કુંવરજીભાઈ છભાડીયા - માંડવી, પ.ભ. રમેશભાઈ કાનજી રાઘવાણી - બળદીયા, પ.ભ. શીવજીભાઈ શામજી વેકરીયા - માંડવી, પ.ભ. કાનજીભાઈ નારણ રાઘવાણી - બળદીયા, પ.ભ. દેવરાજભાઈ ઝીણા વેકરીયા - બળદીયા, પ.ભ. મનોજભાઈ કરસન આસાણી - વેકરા, બાળ યુવક મંડળ સંચાલક પ.ભ. વીરજીભાઈ કાનજી રાઘવાણી - બળદીયા, ટ્રસ્ટીશ્રીઓ પ.ભ. લક્ષ્મણભાઈ ભીમજી રાઘવાણી - બળદીયા, પ.ભ. દેવશીભાઈ કુંવરજી ગરારા - બળદીયા, પ.ભ. મનજીભાઈ કાનજી રાઘવાણી - બળદીયા, પ.ભ. રામજીભાઈ રત્ના વરસાણી - વેકરા, પ.ભ. નારણભાઈ મનજી કેરાઈ - બળદીયા, સ્કૂલ તથા દવાખાનું પ.ભ. લાલજીભાઈ દેવશી ગરારા - બળદીયા તથા પ.ભ. અરવિંદભાઈ મનજી રાઘવાણી - બળદીયા, પ.ભ. ધવલ વી. સોની - નાઈરોબી, બાંધકામ પ.ભ. લક્ષ્મણભાઈ ભીમજી રાઘવાણી - બળદીયા, પ.ભ.ધનજીભાઈ લક્ષ્મણ રાઘવાણી - બળદીયા, પ.ભ.પરબતભાઈ પ્રેમજી રાજાણી - રામપર.

---

## શ્રીકચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર, નાઈરોબી ૬૧મો વાર્ષિક પાટોત્સવ

શ્રીકચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર, નાઈરોબી (ભુજ શ્રી નરનારાયણદેવ તાબાનું) મંદિરનો ૬૧મો વાર્ષિક પાટોત્સવ સોમવાર તા. ૨૬-૧૦-૧૫ થી રવિવાર તા. ૧-૧૧-૧૫ સુધી ખૂબ જ ધામધૂમથી ઉજવાઈ ગયો. સોમવાર તા. ૨૬ ના રોજ શરદપૂનમનો પવિત્ર દિવસ હતો. સવારે ૬:૧૫ વાગ્યે કથા વિરામ બાદ ૬:૩૦ વાગ્યે ઠાકોરજીનો અભિષેક કરવામાં આવ્યો ત્યારબાદ અન્નકુટ ધરાવી પાટોત્સવની આરતી મહંત સ્વામીના વરદ્ હસ્તે ઉતારવામાં આવી હતી. ત્યારબાદ આવકાશી શિખર પર ધ્વજા ચડાવવામાં આવી હતી. આ પ્રસંગે મોટી સંખ્યામાં હરિભક્તોએ હાજર રહી દર્શનનો લાભ લીધો હતો.

શરદ પૂનમના પવિત્ર દિવસે લંગાટા નૂતન મંદિરે

સમગ્ર સંકુલનું વાસ્તુ પૂજન કરવામાં આવેલ હતું. ૨૫ બ્રહ્મદેવો (ભૂદેવો) એ ૬૦ યજમાન પરિવારો પાસે સવારના ભાગમાં પૂજન અર્ચન અને દેવોનું સ્થાપન કર્યુ હતું. બપોર પછી યજ્ઞનારાયણને આહુતિઓ આપવામાં આવી હતી. અને સાંજે ૪:૦૦ વાગ્યે મહંત સ્વામીના વરદ્ હસ્તે શ્રીફળ હોમી અંતરના આશિષ આપ્યા હતા. અને ચેરમેનશ્રીએ સૌનો આભાર માન્યો હતો.

શરદ પૂનમના સાંજે કથા વિરામ બાદ રાસનું આયોજન કરવામાં આવ્યું હતું. સર્વ હરિભક્તો ઉત્સાહથી રાસ રમ્યા હતા અને ત્યારબાદ દૂધ પૌઆનો પ્રસાદ વહેંચવામાં આવ્યો હતો.

તા. ૩૧-૧૦-૧૫ શનિવારે કથા વિરામબાદ જૂના (કિરીન્યાગા રોડ) મંદિરમાં નવી મૂર્તિઓની પ્રતિષ્ઠા વિધિનો મહાપૂજાનો કાર્યક્રમ રાખવામાં આવેલ હતો. સ.ગુ. સ્વામી કેશવપ્રસાદદાસજી અને શા. સ્વામી ભક્તિવિહારીદાસજીએ મહાપૂજા અને સ્થાપન વિધિ ઓફિસના કાર્યકર્તાઓના યજમાન પદે કરાવી હતી. સાંજે કથા વિરામબાદ બહારગામથી પધારેલા મહાનુભાવો તેમજ સંતોએ પ્રાસંગિક પ્રતિભાવો અને આશીર્વાદ આપ્યા હતા.

રવિવારે સવારે કથા વિરામબાદ સંતોના આશીર્વાદ મેળવી આરતી ઉતારી કથાની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી. ત્યારબાદ સવારે ૮:૦૦ વાગ્યે જૂની મૂર્તિઓનું ઉત્થાપન કરી નવી પ્રતિષ્ઠિત થયેલી મૂર્તિઓ પધરાવી હતી અને જૂની મૂર્તિઓને શણગારેલા વાહનમાં બેન્ડના સથવારે બેસાડી લંગાટા લાવ્યા. હજારો હરિભક્તોના અંતરમાં આનંદ સમાતો ન હતો. ખૂબ જ ધામધૂમથી મૂર્તિઓ મંદિરે પહોંચી એટલે સર્વ હરિભક્તોએ જયઘોષ કર્યો. બહેનો અને ભાઈઓ બંને અલગ અલગ વિભાગમાં સંતોએ મૂર્તિઓ પધરાવી હતી. ત્યારપછી ઠાકોરજીને અન્નકુટ ધરાવી મહંત સ્વામીના વરદ્ હસ્તે આરતી ઉતારવામાં આવી હતી. સંતોએ આશીર્વાદ આપ્યા અને સર્વ હરિભક્તોએ સહજાનંદ સ્વામીની જય બોલાવી ઉત્સવની સમાપ્તિ કરી. ત્યારબાજ ૪૦૦૦ હરિભક્તોએ મહાપ્રસાદ ગ્રહણ કરી ધન્યતા અનુભવી હતી. અને સાંજે મહારાસોત્સવનું આયોજન હાથ ધરવામાં આવ્યુ હતું. ૩૫ પરિવારો આ મહારાસોત્સવના યજમાનપદે રહ્યા હતા.

સાતે દિવસ સવાર અને સાંજ ભુજ મંદિરથી પધારેલા મંડલેશ્વર સ.ગુ. પુ. સ્વામી લક્ષ્મીવલ્લભદાસજી અને સ.ગુ.પુ. સ્વામી શાંતિપ્રિયદાસજીના મંડળના સંતો વ્યાસાસને વિરાજી શ્રીઘનશ્યામ લીલામૃત સાગર કથાનું અમૃતપાન સુમધુર વાણીમાં કરાવ્યું હતું.

આ પાટોત્સવને ચાર ચાંદ લગાવવા માટે ભુજ મંદિરથી મહંત સ.ગુ. સ્વામી ધર્મનંદનદાસજી, સ.ગુ. સ્વામી કેશવપ્રસાદદાસજી, સ.ગુ. કોઠારી પાર્ષદ જાદવજી ભગત, સ.ગુ. સ્વામી હરિબળદાસજી, સ.ગુ. સ્વામી દેવકૃષ્ણદાસજી વડીલ સંતો તેમજ શા. સ્વામી શ્રીપ્રકાશદાસજી, શા. સ્વામી નારાયણમુનિદાસજી, શા. સ્વામી ધર્મચરણદાસજી આદિ નાના મોટા ૧૨ સંતો પધાર્યા હતા. કથા, વાર્તા તેમજ સત્સંગ કરાવી હરિભક્તોને ખૂબ જ રાજી કર્યા હતા.

ખૂબ જ ઉલ્લાસપૂર્ણ વતાવરણમાં ખૂબ જ સારી રીતે ૬૧મો વાર્ષિક પાટોત્સવ તેમજ મૂર્તિ સ્થળાંતર મહોત્સવ ઉજવાયો હતો.

અહેવાલ :- મંત્રીશ્રી નારણભાઈ ગોરસીયા

---

## શ્રી ક.સ. સ્વામિનારાયણ મંદિર, ઈસ્ટ લંડન મધ્યે ઠાકરથાળી મહોત્સવ/ શ્રી ભાગવત સપ્તાહ પારાયણ

તા. ૧૩-૯-૧૫ને રવિવારે પ.ભ. પ્રક્ષેશભાઈ બાબુભાઈ ગજેરા પરિવાર ગામ ઉનાવાળા તરફથી, તા. ૨૫-૧૦-૧૫નો રવિવારે પ.ભ. હિતેશભાઈ કાંતિલાલભાઈ સોડવડિયા પરિવાર ગામ અમદાવાદ વાળા તરફથી ઠાકરથાળી ઉત્સવ ધામધૂમથી ઉજવવામાં આવેલ.

- શ્રીકચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર, ઈસ્ટલંડન મધ્યે યુ.કે. પ્રાંતમાં પ્રથમવાર સમૂહ પિતૃ તથા સ્વમોક્ષાર્થે શ્રીમદ્ ભાગવત સપ્ત દિનાત્મક પારાયણનું આયોજન કરવામાં આવેલ.

श्रध्धया दीयते इति श्राध्धम् ભાદરવો મહિનો એટલે શ્રાધ્ધનો મહિનો, પિતૃઓનો મહિનો, આ સમયે શ્રી ઈસ્ટલંડન મધ્યે સૌ પ્રથમ વખત સમસ્ત યુ.કે.માં ૪૮ પરિવારોએ સાથે મળીને પિતૃઓની પ્રસન્નાર્થે તથા સ્વમોક્ષાર્થે મહાપ્રભુ લીલા પુરુષોત્તમ નારાયણ શ્રીકૃષ્ણ ભગવાનની દિવ્ય લીલા ચરિત્રોથી સભર સમૂહ શ્રીમદ્ ભાગવત સપ્તદિનાત્મક પારાયણનું આયોજન કરવામાં આવેલ. આ મોક્ષકારી પુનિત પારાયણના વક્તા શ્રીસ્વામિનારાયણ મંદિર, ભુજ ધામથી વિદ્વાન સંતો

વ્યાસાસને બિરાજી કથામૃતનું સુમધુર શૈલીમાં રસપાન કરાવેલ.

સ.ગુ. સ્વામી ભગવતજીવનદાસજી આદિ સંત મંડળ તથા પ.પુ. સ્વામી મુક્તવલ્લભદાસજી તથા યુવક મંડળના સંતોની હાજરી, વળી બ્રહ્મકુમારો સંહિતા પાઠ ઉપર અને વળી મંદિરના પૂજારીશ્રીઓ આ સાથે હવન-કુંડ યજ્ઞનું આયોજન કરીને ઉત્સવની શોભા વધારેલ.

આ ઉત્સવ નિમિત્તે પાવનકારી ભારત ભૂમિના ૧૭ મંદિરોમાં ઠાકોરજીના થાળો, ભુજ ધામ પ્રસાદી મંદિર, નૂતન મંદિર, અંજાર, માંડવી મંદિરે મહા પ્રભુના થાળ,સુખપર બ્રહ્મકુમાર પાઠશાળાએ કુમારોની રસોઈ, અબોલ પ્રાણી ગાયો, કુતરાં, પક્ષીઓને ખોરાક અર્પી સર્વેનો રાજીપો મેળવેલ. પારાયણની પૂર્ણાહુતિના દિવસે હવન યજ્ઞનું સરસ આયોજન કરીને સર્વ હરિભક્તોનો રાજીપો મેળવેલ. ભુજ ધામથી પ.પૂ. મહંત સ્વામીએ મોકલાવેલ પ્રસાદીનાં ચરણાંવિંદો એક સ્મૃત ચિહ્ન આદિ ભેટ સર્વને અર્પણ કરવામાં આવેલ. સર્વ પધારેલ હરિભક્તો છેલ્લે દિવસે મહાપ્રસાદ ભોજન લઈને મહારાજ, સંતોનો રાજીપો મેળવેલ.

અહેવાલ :- મંત્રીશ્રી અરવિંદ વેકરીયા

---

## શ્રીસ્વામિનારાયણ મંદિર, ઓલ્ડહામ દિવાળી અને નૂતન વર્ષ

શ્રીસ્વામિનારાયણ મંદિર ઓલ્ડહામમાં ગુરુવાર તા. ૫-૧૧-૨૦૧૫નાં રોજે સાંજની કથા બાદ એક રૂપક રાખવામાં આવેલ તેમાં ઓલ્ડહામના નાના બાળકોએ રામાયણનું રૂપક રજૂ કરેલ તે જોઈને સર્વેને ઘણો આનંદ આવ્યો અને બાળકોને પણ ઘણો જ આનંદ થયો હતો.

મંગળવાર તા. ૧૦-૧૧-૨૦૧૫ના રોજે કાળી ચૌદશના કથા બાદ ભુજથી પધારેલ સંતોના વરદ્ હસ્તે હનુમાન મહારાજની ૧૦૮ નામથી પૂજન વિધિ, આરતી ત્યારબાદ પ્રસાદ આપવામાં આવ્યો હતો.

દિવાળીના સાંજના કથા બાદ (લક્ષ્મી) ચોપડા પૂજન કરી, ત્યારબાદ આતશબાજીનો પોગ્રામ રાખેલ હતો.

તા. ૧૨-૧૧-૧૫નાં નૂતન વર્ષના દિવસે ભગવાનને અન્નકૂટના થાળ ધરાવવામાં આવ્યા હતા. તેમાં વચ્ચે સુંદર ઝૂંપડી અને બહાર મંચ ઉપર બેઠેલા ભગવાન સંગ્રામ વાઘરીને ઘેર પધાર્યા હતા તેવું દશ્ય ખડું કરેલ હતું.

નૂતન વર્ષના ઠાકોરજીને થાળ અર્પણ કર્યા બાદ આરતીનો ચડાવો કરવામાં આવેલ તેના યજમાનપદે ઓલ્ડહામ મંદિરથી ઉત્તર પ્રદેશની ચારધામ અને પુલ્હાશ્રમ (મુક્તિનાથ)ની યાત્રા કરવા ગયેલ તેમના તરફથી ઊંચો આંક આપીને અન્નકૂટની આરતીનો લાવો લીધો હતો. અને અન્નકૂટના યજમાન પદે ગામ નારણપરના રાધાબાઈ પરબત તથા પુત્રવધુ કોમલબેન વિનોદ વેકરીયા રહ્યા હતા.

કથા બાદ સર્વે હરિભક્તો એકબીજાને ભેટીને દિવાળી તેમજ નૂતન વર્ષના જય શ્રીસ્વામિનારાયણ પાઠવ્યા હતા.

બપોરની વિસર્જન આરતી બાદ સર્વે હરિભક્તો પ્રસાદરૂપ ભોજનનો આનંદ માણ્યો હતો.

અહેવાલ :- નારણ કારા, ઓલ્ડહામ

---

## શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર, બોલ્ટન

દર વર્ષની જેમ આ વર્ષે પણ આપણા બોલ્ટન મંદિરમાં દીવાળી તેમજ અન્નકૂટ સર્વે ભાઈઓ-બહેનો સાથે મળીને ઉત્સવ ખૂબ જ ધામધૂમથી ઉજવવામાં આવેલ. તેમજ અન્નકૂટના દિવસે આપણા ભુજ મંદિરના સંતો પૈકી શાસ્ત્રી સ્વામી સુખદેવસ્વરૂપદાસજી, સ્વામી ઘનશ્યામપ્રસાદદાસજી, સ્વામી રામકૃષ્ણદાસજી, આ સંતો અહીં પધારી શોભામાં અભિવૃધ્ધિ કરેલ. તેમજ દીવાળીના શુભ દિવસે આશીર્વાદ આપવામાં આવેલ.

તેમજ દર વર્ષની જેમ સૌથી ઊંચો આંક આપી ગામ કેરાના અ.નિ. વિજય કેશરા વરસાણી ધ.પ. ચંપાબેન તથા પુત્રી નીશી તથા ગામ બળદીયાના દિલીપ વાલજી રાઘવાણી ધ.પ. હીનાબેન પુત્રી વનાયા આદી સહ પરિવાર મળીને અન્નકૂટની પહેલી આરતીનો લાભ લીધો હતો.

તેમજ બીજી આરતીનો લાભ મોટી સેવા કરીને ગામ કુંદનપરના વિનોદ મનજી હાલાઈ, અ.નિ. કાન્તિભાઈ કેશરા હાલાઈ ગામ દહીંસરા આદિ હરિભક્તો સૌ સાથે મળીને લાભ લીધેલ.

તેમજ અન્નકૂટના દિવસે પ્રસાદરૂપી ભોજનના યજમાનપદે ગામ બળદીયાના અ.નિ. કાન્તાબેન મનજી રાઘવાણી સહપરિવાર યજમાન રહ્યા હતા.

અહેવાલ :- પ્રમુખ મનજીભાઈ ગાંગજી હાલાઈ

---

# ભોળાના ભગવાન




શા. સ્વામી સંતસ્વરૂપદાસજી

બાળમિત્રો ! જય શ્રીસ્વામિનારાયણ.. જ્યાં ભાવ છે ત્યાં ભગવાન છે અને ભોળાને ભગવાન જલદી મળે છે. ચાલો તો એ વિશે સાંભળીએ એક વાર્તા.

અયોધ્યમાં એક મોટું રામમંદિર હતું. તેમાં એક મહંત પોતાના પચાસ જેટલા શિષ્યોની સાથે રહેતા હતા. એકવાર તેને યાત્રા કરવાની ઈચ્છા થઈ. તેથી પોતાના શિષ્યોને કહ્યું. મને યાત્રા કરવા જવું છે તો સાથે કોણ ચાલશે. ત્યારે બધા શિષ્યોએ કહ્યું જે અમે સાથે ચાલશું. ગુરુ : તો મંદિરની સેવાપૂજાનું કામકાજ કોણ કરશે. ત્યારે મોટા શિષ્યએ કહ્યું કે આપણો નાનો શિષ્ય છે તે ભણેલ નથી અને ભોળો છે તે આખો દિવસ રામ રામ કર્યા કરે છે એ યાત્રામાં શું સમજશે. માટે તેને કામ સોંપીએ. ત્યારે ગુરુજીએ નાના શિષ્યને બોલાવીને મંદિર સચવવાની આજ્ઞા કરી અને યાત્રાની તૈયારી કરવા લાગ્યા.

ગુરૂજી પોતાના પચાસ શિષ્યો સાથે લઈને ધામધૂમથી યાત્રા કરવા નીકળ્યા. પાછળ મંદિરમાં ભગવાનની સેવા કરવા રહેલ નાના-ભોળા શિષ્યએ પ્રેમથી સેવા કરવા લગ્યો. સેવા કરતા એક દિવસ ભગવાનની આગળ હાથ જોડીને પ્રાર્થના કરી કે હે ભગવન ! હું આખો દિવસ તમારી સેવામાં રહું છું, તેથી ભજન કરવાનો સમય જ મલતો નથી. જો તમે રસોઈ કરવાનું કામ સીતાજીને સોંપો તો તે રસોઈ કરી આપે તો ભક્તિ કરવાનો સમય મલે. રામચંદ્ર ભગવાને તે ભક્તની ભક્તિ જોઈને પ્રત્યક્ષ દર્શન આપીને કહ્યું., રસોઈનું કામ સીતાજીને સોંપું છું , એમ કહીને રસોઈનું કામ સીતાજીને સોપ્યું. તેથી દરરોજ સીતાજી રસોઈ કરી આપે અને રામદાસ સેવક ભગવાનને થાળ જમાડે.

આમ કરતાં થોડા દિવસ પછી રામદાસ સાધુએ ફરીથી ભગવાનને પ્રાર્થના કરી. હે પ્રભુ ! હું અભણ છું. મને મદિરનું નામું કરતા નથી અવડતું. જો આ કામ લક્ષ્મણજીને સોંપો તો સારું. રામચંદ્ર ભગવાને દર્શન આપીને કહ્યું,, જરૂરત તે કામ લક્ષ્મણજીને સોપું છું. એમ કહીને હિસાબનું કામ લક્ષ્મણજીને સોપ્યું. તેથી લક્ષ્મણજી કોઠારમાં રહી હિસાબનું કામ સંભાળે. એમ કરતા થોડા દિવસ પછી ફરીથી ભગવાનને પ્રાર્થના કરી કે હે ભગવન ! દૂધ સાચવવાનું, છાસ કરવાનું, દૂધ ગરમ કરી જમાવવાનું વગેરે કામ જો ભરતજીને સોંપવામાં આવે તો એટલું કામ મને ઓછું કરવું પડે. ભગવાને સાધુની પ્રાર્થના સાંભળીને તે કામ ભરતજીને સોપ્યું. એમ કરતા થોડા દિવસ પછી ફરીથી ભગવાનને પ્રાર્થના કરી. હે ભગવાન ! આ શત્રુઘ્નને જો તમો ગાયો દોવડાવવી. મંદિરની સફાઈ કરવી વગેરે કામ સોંપો તો હું વધારે ભજન કરી શકું. રામ ભગવાને સાધુની ભક્તિ જોઈને પત્યક્ષ દર્શન આપીને કહ્યું, એ કામ શત્રુઘ્ન સંભાળશે. એ પ્રમાણે શત્રુઘ્ન દરરોજ સવારમાં ઊઠીને ગાયો દોવડાવે, મંદિરની સફાઈ રખાવે વગેરે કામે લાગી ગયા.

એમ કરતાં થોડા દિવસ થયા ત્યારે વળી રામદાસ સાધુએ ભગવાનને પ્રાર્થના કરી, હે ભગવાન !

હું વગડામાં ગાયો ચારવા જાઉં છું તેથી સમય સર આરતી કરી થાળ જમાડવા પહોંચી શકતો નથી. માટે છેલ્લી વાર દયા કરો. ને આ ગાયો ચારવાનું કામ આ ચરણમાં બેઠેલા હનુમાનજીને સોંપો તો સારું. સાધુની પ્રાર્થના સાંભળી એ કામ હનુમાનજીને સોંપ્યું. તેથી હનુમાનજી દરરોજ ગાયો ચારવા જાય ને તે રામદાસ સાધુ તો દરરોજ ભગવાનની સેવા કરે અને ભજન કર્યા કરે તેથી રામચંદ્ર ભગવાન પ્રત્યક્ષ દર્શન આપી તેની સેવા અંગીકાર કરે..

આમ કરતાં પાંચમે મહિને જ્યારે ગુરૂજી શિષ્યો સહિત યાત્રા કરીને આવ્યા. ત્યારે બીજા શિષ્યોને મનમાં એમ હતું કે મંદિર ઉજ્જડ થઇ ગયું હશે. કામકાજ બરાબર નહિ ચાલતું હોય આમ અનેક વિચાર કરતા જયાં મંદિરમાં આવીને જોયું તો મંદિરની દરેક પ્રવૃત્તિ વ્યવસ્થિત અને મંદિરનું કામ કરતા ભરત, લક્ષ્મણ, શત્રુઘ્ન,સીતાજી, હનુમાન આદિને જોઇ ગુરુજી સહિત સર્વે શિષ્યો આશ્ચર્ય ચકિત થઇ ગયા. અને વિચાર કરવા લાગ્યા કે આપણે તો યાત્રા કરવા ગયા છતાં ભગવાન આપણને વશ ન થયા પણ ભોળા હૃદયવાળા નાના શિષ્યે સેવાથી ભગવાનને વશ કરી લીધા. ભગવાન તેની સાથે વાતો કરે છે. માટે આપણા કરતાં એ ઉત્તમ સાધુ છે.

બાળમિત્રો,, ભગવાન સાચી ભક્તિ અને સેવાથી રાજી થાય છે. માટે ભગવાનની પૂજા,પ્રાર્થના, વગેરે સાચા ભાવથી કરવામાં આવે તો ભગવાન ભકતને વશ થઇ જાય છે. માટે સંતોના વચનમાં રહી સેવા-પૂજા-સત્સંગ કરવામાં મહારાજનો વધુ રાજીપો થાય છે.

## -: જ્ઞાનસરિતા :-

### -: જ્ઞાનમાળા:-

૧. વચનામૃતની કુલ સંખ્યાં કેટલી છે ?
(અ) ૨૧૨ (બ) ૨૭૨
(ક) ૨૬૨ (ડ) ૨૭૩

૨. માગશર સુદ ૪ ના કોની જયંતી આવે છે ?
(અ) શિક્ષાપત્રી (બ) ગીતા
(ક) વચનામૃત (ડ) દેવવ્રત

૩. મહાભારતનું યુધ્ધ કેટલા દિવસ ચાલ્યું હતું ?
(અ) ૧૦ (બ) ૧૮
(ક) ૧૬ (ડ) ૯

૪. મારા હરજીસું હેત ન દીસે રે, આ કીર્તન કોણે બનાવ્યું છે ?
(અ) મુક્તાનંદ (બ) નરસિંહ મહેતા
(ક) નારાયણ દાસ (ડ) મીરાબાઇ

૫. ભગવાન શ્રીકૃષ્ણએ અર્જુનને ભગવદ્ ગીતાનો ઉપદેશ કઇ જગ્યાએ આપ્યો હતો ?
(અ) કુરુક્ષેત્રમાં (બ) દ્વારકામાં
(ક) હસ્તિનાપુરમાં (ડ) જંગલમાં

૬. ધર્મદેવ કરેલી શ્રી હરિની વૃત્તિ પરીક્ષામાં શ્રી હરિએ કયું શાસ્ત્ર ઉપાડયું હતું ?
(અ) ગીતા (બ) શિક્ષાપત્રી
(ક) વચનામૃત (ડ) ચારસારનો ગુટકો

૭. ગોવર્ધનશેઠ કયા ગામના વતની હતા ?
(અ) માંગરોળ (બ) અમદાવાદ
(ક) લોજ (ડ) પીપલાળા

૮. ગઢપુર ગામ કયા જીલ્લાનું ગામ છે ?
(અ) જામનગર (બ) ભાવનગર
(ક) સુરેન્દ્રનગર (ડ) રાજકોટ

૯. ઠાકોરજીને વહેલા પાકા થાળ કયારે જમાડવામાં આવે છે ?
(અ) હિંડોળામાં (બ) દીવાળીમાં
(ક) ધનુર્માસમાં (ડ) માઘમાસમાં

૧૦. ભક્તચિંતામણી ગ્રંથની રચના કોણે કરેલી છે ?
(અ) મુક્તાનંદ (બ) નિષ્કુળાનંદ
(ક) બ્રહ્માનંદ (ડ) વૈષ્ણાનંદ

## કોણ શું કહે છે.

૧, ઘડિયાલ - સમય ચુકશો નહિ.
૨, ધરતી - સહનશીલ બનો
૩, દરિયો - વિશાળ દીલ રાખો
૪, વૃક્ષ - પરોપકારી બનો
૫, કીડી - સંગઠન બળ કેળવો
૬, કૂકડો - વહેલા ઊઠી કામે લાગો.
૭, બગલો - કાર્યમાં ચિત પરોવો
૮, સૂર્ય - નિયમિત બનો.
૯, મધમાખી - ઉદ્યમી બનો
૧૦, કોયલ - મીઠાં વચનો બોલો
૧૧, કૂતરો - ધંધામાં વફાદાર રહો.
૧૨, કાગડો - ચતુર બનો
૧૩, ગુલાબ - દુઃખમાં પણ હસ્તા રહો.
૧૪, દીવો - પોતે બળી ઉજાસ આપો

## -: શબ્દ રચના :-

વચનામૃત શ્રીજીમહારાજે જે ગામમાં કહેલા છે, એ ગામોના નામ આ કોયડામાં મુકેલા છે તે શોધો.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| પં | અ | મ | દા | ભુ | જ | રં | ગ | ઢ | તા |
| સ | ગ | ઢ | ડા | ન | લો | ણી | પ | ઢ | દ |
| કા | ર | શ્લા | લી | પુ | યા | દા | ગ | રિ | વા |
| સા | ણ | સ | ડ | રિ | વ | ના | ચા | લ | પં |
| રં | ગ | ન | કા | પ | જુ | જે | તા | ન | ચા |
| ગ | જે | ફ | રે | ણી | ઢ | ડ | જ | વા | ળા |
| પુ | ન | રા | પ | ર | વ | સુ | ર | ત | જે |
| ર | ણ | અ | મ | દા | વા | દ | ન | તા | અ |
| ગ | ર | શ્લા | દિ | ન | ગ | પુ | ર | લા | પં |
| વ | ઢ | લી | યા | જે | ત | લ | પુ | ર | ચા |

## -: હસ્તા રહો :-

★ બાપુએ છાપામાં વાંચ્યું : કમળાએ વોંધમાં ૪૫ માણસનો ભોગ લીધો.
એ વાંચીને બાપુ બોલ્યા : ઈ બાઈ બહુ જબરી લાગે.

★ એક મોટી ફકટરીના મેનેજરે એક યુવકને સિગરેટ પીતાં પીતાં ફરતો જોયો. એણે તરતજ એ યુવાનને પોતાની કેબીનમાં બેલાવ્યો. અને પૂછયું : તને કેટલો પગાર મળે છે ?
યુવક : ચાર સો રુપીયા.
આ રહ્યો તારો એક મહિનાનો પગાર. તને છુટો કરવામાં આવે છે. યુવક જેવો કેબિનમાંથી બહાર ગયો કે તરત જ ત્યાં બેઠેલા એકાઉન્ટરને પૂછયું : આ યુવાન આપને ત્યાં કેટલા દિવસથી કામ કરે છે ?
એકાઉન્ટર : એ આપણે ત્યાં કામ કરતો નથી. એ તો પાર્સલ આપવા આવ્યો હતો.

★ એક ઉંદર જંગલમાં ભાગતો જતો હતો. ઊભો રાખી શિયાળે પૂછયું આમ ડરીને કયા ભાગતો જાય છે ?
ઉંદર : જંગલમાં સિંહનું ખુન થયું છે પોલીસને મારી પર શક છે.

## -: ગત જ્ઞાનસરિતાના જવાબો :-

લક્ષ્મીજી, ધનવન્તરી, બ્રહ્માનંદ, કાર્તિક સુદ ૧૨, કાર્તિક, ૧૭૯૮, બધુવાર, આઠ, કાર્તિક સુદ ૧૧, વિક્રમ

### સરનામું

નામ.................................................... ગામ ........................તાલુકો.........................

ઉંમર............શાળા.................................. ધો............ મો.ન.....................................

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશને મળેલ ભેટની યાદી

| રકમ | દાતાનું નામ | ગામ | વિગત |
|---|---|---|---|
| ૧૦૦/- | મોહનલાલ રામજીભાઈ પટેલ | રવાપર હાલે સિપોર | નવી ફોર વ્હીલર ગાડી લાવ્યા તે નિમિત્તે ભેટ |
| ૨૦૦/- | દામજીભાઈ દેવજીભાઈ પટેલ | રવાપર હાલે ખેરાલુ | નવી ફોર વ્હીલર ગાડી લાવ્યા તે નિમિત્તે ભેટ |
| ૫૦૦/- | દેવશી કાનજી હીરાણી | સુરજપર | નવી ગાડી લીધી તે નિમિત્તે ભેટ |
| ૨૦૦/- | ખુશાલી અરવિંદભાઈ સેંઘાણી | નારણપર ઉ.વા. | બેડમિન્ટન અને ખો-ખોમાં પ્રથમ નંબર આવતા ભેટ |
| ૧૦૦/- | એક સત્સંગી બહેન | ભુજ | શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૦૦/- | જનકભાઈ હરગોવિંદ સોમપુરા | ભુજ | નવી ફોર વ્હીલર ગાડી લાવ્યા તે નિમિત્તે ભેટ |
| ૨૧૧/- | શીવજી ધનજી માસ્તર | માધાપર | અન્નકૂટ નિમિત્તે ભેટ |
| ૨૦૦/- | ધ્રુવીબેન કાંતિલાલ પિંડોરીયા | સામત્રા | જન્મદિવસ નિમિત્તે ભેટ |
| ૨૦૦/- | વૈદી કાંતિલાલ પિંડોરીયા | સામત્રા | જન્મદિવસ નિમિત્તે ભેટ |
| ૧૦૦/- | રિષિત જયંતિલાલ પિંડોરીયા | સામત્રા | જન્મદિવસ નિમિત્તે ભેટ |
| ૨૦૦/ | મકુબેન | હીરાપર | અન્નકૂટ નિમિત્તે ભેટ |
| ૩૦૧/- | નીતા કલ્યાણભાઈ ભુડીયા | માધાપર | જન્મદિવસ નિમિત્તે ભેટ |
| ૨૦૦/- | મનજી લાલજી હાલાઈ | કોડાય માંડવી | સુપુત્ર ભાવેશ તેમજ ચિ. અમૃતના લગ્ન નિમિત્તે ભેટ |
| ૨૦૦/- | લાલજી મુળજી વાગડીયા | કેરા | નવી બાઈક લીધી તે નિમિત્તે ભેટ |
| ૫૫૧/- | દિપેશ ગોવિંદ કેરાઈ | કુંદનપુર | જન્મદિવસ નિમિત્તે ભેટ |
| ૨૫૦/- | અ.નિ. સામજીભાઈ લક્ષ્મણ વરસાણી ધ.પ. કુંવરબાઈ હ. શાસ્ત્રી સ્વામી લક્ષ્મણજીવનદાસજી | કોડકી ભવાનીપર | ધનુર્માસ ધૂન તથા નાના હરિકૃષ્ણ મહારાજને સોનાની છડી આપી તે નિમિત્તે ભેટ |
| ૧૦૧/- | અ.નિ. જાદવજી અરજણ પિંડોરીયા | નારણપર ઉ.વા. | તા. ૨૧-૧૦-૧૫ના અ.નિ. થતાં તેમના મોક્ષાર્થે ભેટ |
| ૨૦૧/- | શયન નારણભાઈ છભાડીયા હ. પ્રેમજીભાઈ | ભુજ હાલે સીડની | જન્મદિવસ નિમિત્તે ભેટ |
| ૫૦૦/- | નારણ દેવરાજ પિંડોરીયા | મુંબઈ | નવી ફોર વ્હીલર ગાડી લીધી તે નિમિત્તે ભેટ |

# અન્નકૂટ દર્શન


અંજાર


માંડવી


બહેનોનું મંદિર, ભુજ


સ્મૃતિ મંદિર, ભુજ



પ્રસાદી મંદિર, ભુજ


કેન્ટન હેરો મંદિર-લંડન


થાળા-મુંબઈ



નારણપર (ઉ.વાસ)


અલતૃર્કી-મસ્કત


ભાટ-ગાંધીનગર


બેંગલોર


બોલ્ટન-યુ.કે.


હેમલ્ટન-ન્યુઝીલેન્ડ

RNI NO. GUJGUJ/2001/5643 | Shree Swaminarayan Dharmasandesh | Regd. No. GKCH-158/2015-2017
POSTED EVERY MONTH ON 5TH AT BHUJ STG OFFICE | WPP Lic No. G-PMG-RJT/001/UPTO 31-12-2015

# કચ્છશ્રી નરનારાયણદેવ યુવક મંડળના યુવાનો તથા યુવતીઓ માટે શ્રી સ્વામિનારાયણ સત્સંગ દ્વાદશ શિબિરનું અદ્ભુત દિવ્ય આયોજનની તસ્વીરી ઝલક-ભુજ















કચ્છશ્રી નરનારાયણદેવ યુવતી
મંડળની સ્થાપનાનું દિપપ્રાગટ્ય